R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 02 • ISSUE : 01 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH NOVEMBER 2021

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH

Pumps• Valves• Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# કચ્છના શ્રી સંઘો-મહાજનો-ટ્રસ્ટોના પદાધિકારીઓ જોગ

શું આપના ગામના જિનાલયો, ધર્મશાળાઓ,
ભોજનશાળાઓ **જર્જરિત** થયેલ છે ?
શું આપના ગામમાં ઉપાશ્રય-આવાસ યોજના વગેરેનું
**નવનિર્માણ** કરવાનું વિચારી રહ્યા છો ?




CHHEDA BROTHERS

# છેડા બ્રધર્સ

લઈને આવ્યા છે

# ONE ROOF SOLUTIONS

કાબેલ અને કચ્છ ખાતે જાણીતા અને માનીતા આર્કીટેકટ અને ઈન્ટીરીયર ડીઝાઈનમાં નિષ્ણાંતો દ્વારા **એપ્લાય એન્ડ સપ્લાય** -સિધ્ધાંત પર કન્સલ્ટન્સી અને નિષ્ણાંતોની દેખરેખ હેઠળ વોટરપ્રુફીંગ અંગે સંપૂર્ણ ગાઈડન્સ અને વ્યાજબી ભાવે મટીરીયલ્સ સાથે સલાહ સૂચનો તથા અન્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે.

## અમારી એક્સપર્ટાઈઝ

- ઘર-ઓફિસ કન્સ્ટ્રક્શન
- એપ્લાય સપ્લાય-આધુનિક ફોલ્સ સીલીંગ ડીઝાઈન
- સ્ટ્રક્ચર રીપેરીંગ
- ઘર-બંગલો-ઉપાશ્રય-ઓફીસ-જિનાલય રીપેઈન્ટીંગ
- એપ્લાય સપ્લાય-લીકેજ અને વોટર પ્રુફીંગ સોલ્યુશન
- જુના / નવા મકોનોની છતનું વોટરપ્રુફીંગ
- સરફેસ કોટીંગ

**ઉપરોક્ત સર્વે સેવાઓ માટે એક ટાઈમ ફ્રી કન્સલટન્સી મળશે.**

૧) બાંધકામથી ફાઈનલ કામ થયા સુધી (સંપૂર્ણ ફીનીશીંગ સાથે) યોજનાબદ્ધ અને ઉચ્ચ ગુણવત્તાનું કાર્ય
૨) દરેક કાર્યમાં જરૂરીયાત પ્રમાણે પર્સનલ ધ્યાન આપવામાં આવશે.




આપ જો કચ્છમાં હો અને
અમને મળવા માંગતા હોય
અથવા
અમારું કામ જોવા માંગતા હો
તો આજે જ અમારો સંપર્ક કરો..

**ભુમિત મહેન્દ્ર છેડા**
**98690 69971**

**કચ્છમાં નવનિર્માણ કરાવતા પહેલા એકવાર અમારો અવશ્ય સંપર્ક કરજો.**
**આપને ભાવ અને ક્વોલીટીમાં સંતોષ આપવાની જવાબદારી અમારી...**

ઓફિસ : આશિર્વાદ પેલેસ, માંડવી જૈન આશ્રમ સામે, માંડવી-ભુજ, હાઈવે રોડ, માંડવી.
ઈમેલ : bhumitchheda@gmail.com

BINITA S. MARU - 9869034162

# "KDO Classic"



















કે.ડી.ઓ. કલાસિકની સામાન્ય સભા તા. ૧૭ ઑક્ટોબરના એકર્સ કલબ ચેમ્બુરમાં મળેલ. કોરોના કાળ પછી ઘણા સમય બાદ આજની સભામાં સારી સંખ્યામાં મેમ્બરોએ હાજરી આપી. નવકાર મંત્ર બાદ સંસ્થા પ્રમુખશ્રી જયંતભાઈ લાપસીયાએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે આજની આ પચ્ચીસમી રજત જયંતી વર્ષની સામાન્ય સભા થોડાક મહિના અગાઉ જ સ્વર્ગવાસી થયા છે એવા સંસ્થાપક પ્રમુખ સ્વ. શ્રી શાંતિલાલભાઈની સ્મૃતિમાં સમર્પિત છે. શ્રી જયંતભાઈએ ઉમેર્યું કે કે.ડી.ઓ. કલાસીકના રજત જયંતિ વર્ષની ઉજવણી શ્રી શાંતિલાલભાઈએ ઈચ્છેલી રીતે અને તેમણે બનાવેલ આયોજન મુજબ જ કરીશું. રજત જયંતિ વર્ષની ઉજવણી બે વિભાગોમાં વહેંચી છે. (૧) કચ્છમાં કે.ડી.ઓ. જ્ઞાતિજનો માટે શૈક્ષણિક મેડીકલ, સામાજીક કે અન્ય સેવાકીય કામો કરવા તથા (૨) સંસ્થાના રજત જયંતિ વર્ષની ઉજવણી માટે ખાસ કાર્યક્રમ આયોજિત કરી સંસ્થાના સભ્યો, મહેમાનો તથા વિશેષ અતિથીઓને નિમંત્રણ આપીશું.

**Hon.Sec.** પીનાકીન છેડાએ સ્ટેજનું સંચાલન કર્યું તથા સંપૂર્ણ કાર્યક્રમની જવાબદારી નિભાવી હતી. ખજાનચી જયશ્રીબેન જૈને વર્ષ ૨૦૨૦-૨૧નાં વાર્ષિક ઓડીટનું વાંચન કર્યું તથા ખર્ચની માહિતી આપી હતી.

કે.ડી.ઓ. ફાઉન્ડેશન વતી શ્રી રાજેશ શાહ એ ફાઉન્ડેશન દ્વારા વિવિધ મેડીકલ સ્કીમ જે ક.દ.ઓ. જ્ઞાતિ માટે વિનામુલ્યે વર્ષોથી યોજના છે એની વિગતવાર માહિતી આપી હતી. તથા આવનાર સમયમાં વધુ થી વધુ જ્ઞાતિજનોને આનો લાભ મળે એ માટે કે.ડી.ઓ. કલાસીક ફાઉન્ડેશન પ્રયત્નશીલ રહેશે એની જાહેરાત કરી.

આ વર્ષનાં ડૉ. સરોજીની નાયડુ (Sarojini Naidu - The Nightingate of India) International Awards થી સન્માનીત શ્રીમતી મીનલબેન ખોના તથા શ્રીમતી મનિષાબેન શાહનું આજની સભામાં પ્રમુખશ્રીએ બુકેથી સન્માન કર્યું તથા કાશ્મીરાબેન ધરમશી તથા કેતકીબેન લાલકાએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. તપસ્વી શ્રીમતી છાયા લોડાયાનું સન્માન જયશ્રીબેન જૈને શાલ ઓઢાડી અને માળા પહેરાવીને કર્યું.

આજની **AGM** પછી કચ્છના લાડીલા કલાકાર શ્રી દિપક છેડાએ કિશોરકુમાર અને મુકેશના જુના ગીતો ગાઈને હાજર રહેલા સહુ મેમ્બરોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. **Acres Club**નું મનગમતુ ભોજન કરી આજના પ્રોગ્રામની મધુર યાદો સાથે સમાપ્તી થઈ.

સંસ્થાની ૨૫મી સામાન્ય સભામાં શ્રી હરીશભાઈ ધરમશી તથા શ્રીમતી કુસુમબેન હરીશ ધરમશીની પેટ્રન મેમ્બરશીપને વધાવી લેવામાં આવી તથા કે.ડી.ઓ. કલાસિક સોસાયટી સાથે સંવેદનપૂર્ણ રીતે સહયોગી થવા બદલ તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.


ACBL
Estd. 1984
ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
આ તહેવારો ઉપર
ભવ્ય લોન મેળવો
ઓફર મર્યાદિત અવધિ માટેજ ખુલ્લી છે
ફક્ત
7.5% વ્યાજ
* તહેવારોની ઉજવણી માટે સૌથી ઓછા વ્યાજ પર લોન
policy છે?
loan છે...
જીવન વીમા પૉલિસી સામે લોન
૨ કલાકમાં મંજુરી
મર્યાદિત પેપરવર્ક
સદા તમારી સાથે, અરિહંત
86578 64090
સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી
ચિંચ બંદર
૦૨૨ ૨૩૪૭ ૮૧૩૪
૦૨૨ ૨૩૪૬ ૩૫૮૭
૯૬૧૯૪ ૮૬૬૧૯
માટુંગા
૦૨૨ ૨૪૦૧ ૦૪૨૭
ઘાટકોપર
૦૨૨ ૨૫૦૧ ૫૮૨૦
૯૬૧૯૪ ૮૬૬૧૮
મોહિલી વિલેઝ
(સાકીનાકા)
૮૪૧૯૯ ૦૬૮૫૦
૮૦૯૭૦ ૭૦૭૭૫
ભાંડુપ
૦૨૨ ૨૫૯૫ ૪૬૩૫
૦૨૨ ૨૫૯૫ ૪૪૨૨
૯૬૧૯૪ ૮૬૬૧૬
મુલુંડ
૦૨૨ ૨૫૬૪ ૭૧૫૭
૦૨૨ ૨૫૬૭ ૧૦૧૮
૯૬૧૯૪ ૮૬૬૧૭
થાણે
૦૨૨ ૨૫૪૩ ૭૯૭૭
૯૮૧૯૦ ૮૬૬૨૪
૮૬૫૨૬ ૩૦૩૮૮
ડોંબિવલી
૦૨૫૧ ૨૪૪૫ ૮૦૯
૯૬૧૯૪ ૮૬૬૨૧
૮૬૫૨૬ ૩૦૩૮૬
વાશી
૦૨૨ ૨૭૮૪ ૯૪૩૦
૯૬૧૯૪ ૮૬૬૨૩
બોરીવલી
૦૨૨ ૨૮૯૯ ૦૮૫૦
૮૬૫૨૬ ૩૦૩૯૦
મુખ્ય કાર્યાલય : GB - 10 A&B કર્મ સ્તંભ, LBS માર્ગ, વિક્રોલી (પશ્ચિમ), મુંબઇ : ૪૦૦ ૦૮૩.
www.arihantbank.com
@ArihantBank
PARAS

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

# Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા



Jai Jinendra - Jai Mataji

Shree K.D.O Students Association organized "**Kerariyo Raas Rang**" on 17th October, 2021 at Jainam Banquet Hall - Bhandup, from 6.00 pm onwards which was starred by versatile singer Ambar Desai & Band along with Host Tanvi Bhadra.

With the blessings of Maa Ambe & our beloved Donors this event began with Maa Ambe's Aarti. The event was started with the speech of Treasurer - Kajal Dhilesh Dhrol & then our Secretary - Ujwal Piyush Lodaya gave an overview about Team Vidyarthi-Sangh & its Working... A Huge crowd gathered for dancing & playing Garba on the Beats of Ambar Desai, Shruti Kalyani & many others...

Donors Felicitation was then carried out by President - Meet Sanjay Meisheri & Vice-president - Chirag Prakash Lodaya which included all our beloved donors, Guest of honors, Co-op Members & Nominee Members.

A Great token of Appreciation was shown to Team of Shree K.D.O Students Association from Matushri. Champaben Hansraj Dagha Parivaar (Vardiya) and Smt. Priti Hiren Lapasiya Parivaar (Rangpur) by presenting a **Silver Idol of Maa Ambe.**

We would like to thank each and every member who could not attend the event physically and watched it live on Youtube which also made the Highest Viewing for any event organized by Shree KDO Students Association.





## તંત્રી સ્થાનેથી

# શુભ દિપાવલી નૂતન વર્ષાભિનંદન



– ડૉ. હીરાચંદ દંડ

સર્વે વાચકોને દિપાવલીની શુભેચ્છાઓ તથા વિ.સં.૨૦૭૮ના નૂતન વર્ષાભિનંદન. આપણે સૌ ઈશ્વરને પ્રાર્થના કરીએ કે વિશ્વ કોરોના મુક્ત બને અને નવું વર્ષ સુખ–શાંતિ અને સમૃદ્ધિદાયક બની રહે.

ઑક્ટોબર મહિનામાં નાર્કોટિક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા અનેક સ્થળે દરોડા પાડવામાં આવ્યા અને જેના ઉપર પ્રતિબંધ છે એવા નશીલા પદાર્થો જપ્ત કરવામાં આવ્યા. આ નશીલા પદાર્થોનું યુવાનો શરૂઆતમાં મોજમજા માટે સેવન કરે છે અને પાછળથી બંધાણી બની જાય છે. અનેક યુવાનોને નશાની લતમાં સપડાવવામાં આવે છે. ડ્રગ્સ માફિયાઓની ટોળીઓ દ્વારા પદ્ધતિસર રીતે આ માટે ગોઠવણો થતી રહે છે. તાજેતરમાં જ બોલીવુડ સ્ટાર શાહરુખ ખાનનો પુત્ર આર્યન ખાન તથા અન્ય બે મિત્રો પણ નશીલા પદાર્થ સેવનના આરોપ હેઠળ ૨૮ દિવસ જેલમાં હતા જે જામીન પર મુક્ત થયા છે.

નશાનો આ રોગ દિવસોદિવસ વિશ્વભરમાં કેમ પ્રસરતો જાય છે? વિશ્વનું યુવાધન આ ચક્રવ્યુહમાં કેમ ફસાય છે.? આ અંગે વિચારીએ તો અનેક કારણો દેખાય છે તેમાં પણ સૌથી મહત્ત્વનું કારણ વાલીઓ દ્વારા બાળકો પર ઓછું ધ્યાન આપવું તે જણાય છે. આધુનિકતાના નામે માતા–પિતા પોતાના સંતાનોને દુનિયાની શ્રેષ્ઠ વસ્તુઓ આપવા ઈચ્છે છે પણ બાળકોને પૂરતો સમય નથી આપતા, જરૂરી ધ્યાન નથી રાખતા જે બાળકોને ખોટી સોબત તરફ લઈ જાય છે. જેમાંથી ક્યારેક નશાખોરી જેવી વિનાશક લત પણ લાગે છે.

જ્યારે માતા–પિતા બન્ને કામ કરતા હોય અને સંયુક્ત કુટુંબમા ન રહેતા હોય ત્યારે બાળકોને ડે કેર સેન્ટર ખાતે મુકવા પડતા હોય છે અથવા નોકરની પાસે સંભાળવા મૂકવા પડે છે. માતા–પિતા પોતાની દોડધામના કારણે સંતાનોને સમય નથી આપી શકતા તથા યોગ્ય રીતે ધ્યાન નથી રાખી શકતા તેથી સંતાનો ક્યારેક ખોટી સંગતમાં ફસાઈ જાય છે. સંતાનોની પ્રવૃત્તિઓની જાણ ન થવાથી તેમને ખરાબ રસ્તેથી પાછા પણ વાળી નથી શકાતા અને સંતાનો નશીલા પદાર્થના વિષચક્રમાં ફસાઈ જાય છે.

સંતાનોને શ્રેષ્ઠ સુવિધાઓ, વસ્તુઓ અપાવવામાં કાંઈજ ખોટું નથી. પરંતુ સાથે સાથે સમય આપવાનું પણ ભુલવું ન જોઈએ. સારું એ છે કે, બાળકોને ઓછી ભૌતિક વસ્તુઓ અપાવવી જોઈએ, ઓછી ખર્ચાળ શાળાઓમાં મોકલવા જોઈએ, તેમને યોગ્ય સમજ આપવી જોઈએ અને તેમનો સારી રીતે ઉછેર કરવો જોઈએ. મોંઘી શાળાઓ અને વસ્તુઓ નહીં પણ માતાપિતાનો સ્નેહ અને સમય બાળકો માટે વધુ મહત્વપૂર્ણ છે. સંતાનોના વિકાસ માટે સહાયક એવી અનેક બાબતો અંગે પણ જાગૃત રહેવું જોઈએ. અને બાળક નકારાત્મક માર્ગે દોરવાઈ ન જાય એ માટે એની સાથે સતત સંવાદ પણ સાધવો જોઈએ.

મહેરબાની કરીને તમારા બાળકોને સમય આપો, સ્નેહ આપો અને સકારાત્મક વાતાવરણ આપો, જે તેમના ઉજ્જવલ અને સલામત ભવિષ્યના ઘડતરમાં ઉપયોગી બની રહેશે. સૌના શુભ સંકલ્પો સાકાર થાય અને સદ્‌ભાવમાં વૃદ્ધિ થાય એવી અભિલાષા સહ નૂતન વર્ષાભિનંદન.


### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા

**: ઑડીટર્સ :** CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૨, અંક : ૦૧, તા. ૦૫-૧૧-૨૦૨૧**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# મળવા જેવા માણસ...

## શ્રીમતી ચેતના હિતેશ શાહ (મોમાયા)-જખૌ (જલગાંવ)



આવો, આજે આપણે મળીએ એક યુવા બેડમિંટન ખેલાડીને કે જેમણે એક નાની ઘટનાને કારણે ખૂબ લાંબા ગાળા પછી પોતાની કારકિર્દી શરૂ કરી અને એમનું જીવન બદલાઈ ગયું. આજે હું તમને પરિચય કરાવીશ શ્રીમતી ચેતના હિતેશ શાહ (મોમાયા)નો.

ચેતનાબેનના માતુશ્રી મુળ કોઠારાના ચાલીસગામ વસતા યમુનાબેન ભરત શિવજી લોડાયા પોતે પણ બાસ્કેટબોલના ખેલાડી હતા અને તેમના રમતપ્રેમને કારણે જ તેઓએ તેમની પુત્રી ચેતનાબેનને બેડમિંટન ખેલાડી બનાવી જેમણે આંતરરાષ્ટ્રીય બેડમિંટન ખેલાડી તરીકે નામના પ્રાપ્ત કરી. દુર્ભાગ્યવશ યમુનાબેનનું ૩૩ વર્ષની ખૂબ જ નાની ઉંમરે મૃત્યુ થયું જેથી તેઓ તેમના દિકરીની સફળતા અને નામના ન જોઈ શક્યા. ચેતનાબેનના પિતાશ્રી ભરતભાઈ ચેતનાબેનને એથલેટ બનાવવા કૃતનિશ્ચય હતા તેથી પુત્રીના ભોજન બાબતે ખૂબજ કડકાઈ રાખતા. આવો, ચેતનાબેન પાસેથી જ તેમની સફર વિશે જાણીએ.

**પ્ર.સ.:** તમે એથલેટ તરીકે શરૂઆત કરી, એ પછી કઈ રીતે તમારી બેડમિંટન ખેલ કારકિર્દીને આગળ વધારી?

**ચેતનાબેન :** જ્યારે હું શાળામાં ભણતી હતી ત્યારે લાંબો કૂદકો તથા અન્ય રમતો રમતી હતી. મારા પિતાશ્રી મને એથલેટ બનાવવા ઈચ્છતા હતા. મને લાગ્યું કે એમાં મને બહુ રસ નથી પડતો. એ પછી જ્યારે હું કૉલેજમાં પ્રવેશી તે પછી ધીમે ધીમે બેડમિંટન તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું.

**પ્ર.સ.:** બેડમિંટન ખેલાડી તરીકેની તમારી કારકિર્દી વિશે જણાવશો?

**ચેતનાબેન :** કૉલેજના પ્રથમ વર્ષમાં જ હું મારી કૉલેજની ટીમની કેપ્ટન બની. શરૂઆતમાં કૉલેજ વતીથી હું યુનિવર્સિટીમાં રમી અને ત્યારબાદ વેસ્ટ ઝોનમાં પણ રમવા ગઈ. કૉલેજમાં તથા તાલુકા અને રાજ્ય કક્ષાએ મેં અનેક મેડલ જીત્યા. ૧૯૯૨ થી ૧૯૯૪ દરમ્યાન મેં રાજ્યકક્ષાએ બેડમિંટન ટુર્નામેન્ટમાં ભાગ લીધો. ૧૯૯૫ થી ૧૯૯૭ સુધી હું ઉત્તર મહારાષ્ટ્ર યુનિવર્સિટીની કેપ્ટન હતી. અને ૧૯૯૮ માં રાષ્ટ્રીય કક્ષાએ જોધપુરમાં બેડમિંટન ટુર્નામેન્ટમાં પણ ભાગ લીધો.

**પ્ર.સ.:** તમે જીતેલા ઍવોર્ડ વિશે જણાવશો?

**ચેતનાબેન :** અત્યાર સુધી મને ૫૦થી વધુ પ્રમાણપત્રો તથા ૧૮ મેડલ પ્રાપ્ત થયા છે. ૧૯૯૬માં મને કચ્છ શક્તિ તરફથી 'બેસ્ટ સ્પોર્ટસ વુમન'નો ઍવોર્ડ પણ મળ્યો છે. ૧૯૯૭માં મહારાષ્ટ્ર એકમ તરફથી વ્યક્તિ વિશેષ તરીકે મારું સન્માન થયું હતું.

**પ્ર.સ.:** ૧૯૯૭ પછી તમે બેડમિંટન રમવાનું બંધ કેમ કર્યું?

**ચેતનાબેન :** ૧૯૯૭માં મારા લગ્ન થયા તે પછી પારિવારીક જવાબદારીઓના કારણે મેં રમવાનું બંધ કર્યું.

**પ્ર.સ.:** ખૂબ લાંબા સમય પછી ફરીથી બેડમિંટન વિશ્વમાં પાછા કઈ રીતે ફર્યા?

**ચેતનાબેન :** મેં બેડમિંટન ક્ષેત્રની મારી સફળતાઓ વિશે મારા સાસરામાં કોઈને કહ્યું ન હતું. ૨૦૦૯માં એક દિવસ કોઈકનો જોરથી અવાજ સંભળાયો નરેન્દ્ર... મારા સસરાજીનું નામ પણ નરેન્દ્ર છે. મારા સાસુજીએ મને કહ્યું જો તો કોણ છે? અને મારા આશ્ચર્ય વચ્ચે મારા એક પ્રોફેસર દેખાયા જે અમારા જ વિસ્તારમાં રહેતા તેમના નરેન્દ્ર નામના મિત્રને સાદ પાડી રહ્યા હતા. પ્રોફેસરને જોઈને મેં તેમને અમારા ઘરે આવવા આમંત્રણ આપ્યું. તેઓ મારા ઘરે આવ્યા અને તેમણે મારી ખેલ કારકિર્દી અને સફળતા વિશે મારા સસરાજીને કહ્યું તેમજ મને પણ ફરીથી બેડમિંટન રમવા કહ્યું. મારા સસરાજી આ બધું જાણીને ખૂબ જ ખુશ થયા અને મને ફરીથી બેડમિંટન રમવાનું શરૂ કરવા પ્રોત્સાહન આપ્યું. આ રીતે મારી બીજી ઈનિંગ શરૂ થઈ.

મેં ફરીથી બેડમિંટન રમવાનું શરૂ કરવાનો નિશ્ચર્ય કર્યો અને બેડમિંટનની પ્રેક્ટીસ પછી ચાલવાનું તથા તથા કસરતો કરવાનો પ્રારંભ કર્યો. અનેક નાની-મોટી ટુર્નામેન્ટમાં ભાગ લીધા પછી ૨૦૧૨માં મુંબઈ ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી તેજલબેન રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) - મોટી સીંધોડી (સાયન)**

બેડમિંટન ટુર્નામેન્ટમાં ભાગ લીધો અને ૨૦૧૩ના સપ્ટેમ્બર મહિનામાં તુર્કી ખાતે યોજાયેલી વરિષ્ઠ મહિલા વિશ્વ કપ બેડમિંટન ચૅમ્પિયનશીપમાં મેં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું.

**પ્ર.સ.:** શક્યત તમે ઈન્ટરનેશનલ બેડમિંટન ટુર્નામેન્ટમાં ભાગ લેનારા પ્રથમ ક.દ.ઓ. મહિલા હશો, એટલે તુર્કી ખાતેની ટુર્નામેન્ટમાં તમારા સહભાગ વિશે કહો.

**ચેતનાબેન :** હું ખુબજ ઉત્સાહિત હતી. મારા સાસુજી જયાબેન હંમેશા ખૂબજ સહયોગી બન્યા છે. તેમણે પરિવારની બધી જ જવાબદારીઓ સંભાળી લીધી હતી અને એટલે હું સતત અને સખત પ્રેક્ટીસ માટે ફ્રી રહી શકી. વિદેશની ધરતી ઉપર ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં ભારત દેશના પ્રતિનિધી તરીકે રમવું એ ખૂબજ ગૌરવપ્રદ અનુભવ હતો. હું ત્યાં ૧૧ દિવસ રોકાઈ હતી.

**પ્ર.સ.:** હવે પછીનું તમારું લક્ષ્ય?

**ચેતનાબેન :** હું સ્પેનમાં યોજાનાર ટુર્નામેન્ટમાં ભાગ લેવા સખત મહેનત કરી રહી છું. મેં હાલમાં જ ચંદીગઢ ખાતે ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો અને સપ્ટેમ્બર ૨૦૨૧માં ગોવા ખાતે યોજાયેલી નેશનલ લેવલ વર્લ્ડકપ માટે પસંદગી પામી હતી. હું ભારત માટે વર્લ્ડ કપ જીતવા ઈચ્છું છું.

**પ્ર.સ.:** તમારું કમ બેક ખરેખર પરિણામદાયક બન્યું છે. ક.દ.ઓ. મહિલાઓ માટે તમારો સંદેશ?

**ચેતનાબેન :** શીખવા માટે અને કમબૅક કરવા માટે ઉંમર ક્યારેય નડતી નથી. જો સ્વપ્ન સાકાર કરવા હોય તો મજબૂત સંકલ્પ બળ, સમર્પિતતા તથા સખત પરિશ્રમની તૈયારી હોવી જોઈ. આજે મેં મારી પોતાની ઓળખ મેળવી છે. હું ચેતના બેડમિંટન તરીકે ઓળખાઉં છું. કોઈપણ રમત હોય સફળ થવા માટે, વિક્સિત થવા માટે ખેલદિલી તથા ટીમવર્ક આવશ્યક છે અને આ વાત જીંદગીને પણ લાગુ પડે છે.

**પ્ર.સ. :** ચેતનાબેન, ખૂબજ સુંદર મુલાકાત બદલ આપનો ખૂબ ખૂબ આભાર...

**- ડૉ. હીરાચંદ દંડ**


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

અમારી બીજી કોઈ શાખા નથી

**સોનલ આર્ટ** Mob.: 99678 41792

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


# શ્રી વિરજી લધાભાઈ કેડીઓ જૈન વિધાર્થીગૃહ

મહારાષ્ટ્ર ગવર્નમેન્ટના નોટીફિકેશન તથા યુજીસીની ગાઈડલાઈન્સ મુજબ વીએલવીજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા મેનેજીંગ કમીટી મેમ્બર્સના સંયુક્ત નિર્ણયથી દિવાળી પછી વિધાર્થીગૃહ ફરી શરૂ થઈ રહ્યું છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં વિધાર્થીગૃહમાં રહી અભ્યાસ કરતા કેડીઓ વિધાર્થીઓ કે જેમણે તે વર્ષમાં લીધેલ અભ્યાસ હજૂ ચાલુ હોય તેમને વિધાર્થીગૃહમાં પ્રાથમિક ધોરણે પ્રોવિઝનલ એડમીશન નીચે મુજબની શરતોએ આપવામાં આવશે, તેમજ નવા એડમીશનની પ્રક્રિયા પણ શરૂ રહેશે.



૧) કોલેજમાં ઓનલાઈન અભ્યાસ બંધ હોય તેમજ વિધાર્થીની કોલેજમાં હાજરી અનિવાર્ય હોય.

૨) ૧૮ વર્ષની ઉપરના વિધાર્થીઓએ કોવીડ વેક્સિનના બન્ને ડોઝ લીધેલ હોય. ૧૮ વર્ષની નીચેના વિધાર્થીઓને નિયમોને આધીન એડમીશન આપવામાં આવશે.

૩) એડમીશન અર્થે રાખેલ ઈન્ટરવ્યુ દરમ્યાન વિધાર્થી સાથે માતા / પિતા તથા લોકલ વાલીએ હાજર રહેવું અનિવાર્ય રહેશે.

૪) એડમીશન થતા સંસ્થાના નિયમો પાળવાની બાંયધરી વિધાર્થી, માતા / પિતા તેમજ લોકલ વાલીએ ''બાંયધરી પત્ર'' પર સહી કરી આપવાની રહેશે.

**નોંધ : વધુ માહિતી માટે વસતીપત્રક ઍપ ઉપરની જાહેરાત જોવા વિનંતી.**

**જ્ઞાનપ્રાપ્તિ માટે વિધાર્થીઓના પ્રવેશનો પુનઃ આરંભ**

# "જૈન ધર્મ મારી દ્રષ્ટિએ.." મણકો - ૩૯

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



(ગતાંકથી ચાલુ...)

આ લેખ લખવાની શરૂઆત કરું તે પહેલાં પ.પૂ.ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.સા.ને બીકાનેર મળવા જવાનું થયું. મારી જૈન ધર્મની આછી-પાતળી સમજ ઉપર તેમનો સારો પ્રભાવ છે. ઘણી વખત આ ધર્મ વિશે મારા મનમાં ઉદ્ભવતા પ્રશ્નોનું તેમણે સમાધાનપૂર્વક નિરાકરણ કર્યું છે.

પૂ. ગુરુદેવને અમારી ચર્ચા દરમ્યાન મારા પ્રશ્ન હતા : (૧) આજના આ સાંપ્રત કાળમાં પર્યુર્ષણ પર્વની આરાધના દરમ્યાન "કલ્પસુત્ર"નું વાંચન કેટલું જરૂરી છે ? (૨) ધર્મમાં સમજ્યા વગરની ક્રિયાઓ વધતી જાય છે જ્યારે તે પાછળની સમજ-ભાવના ઘટતી જાય છે. ભાવ અને ક્રિયા ધર્મરથના જો બે પૈડાં હોય તો આ અસમાનતા શા કાજે ?

પૂજ્યશ્રીએ એક આછા સ્મિત સાથે ઉત્તર આપ્યો "કલ્પસુત્ર"નુ વાંચન વર્ષો પહેલા ફક્ત સાધુ-સાધ્વીઓ પુરતું મર્યાદિત હતું, પણ ક્યાંક, ક્યારેક કોઈ સંઘે વિનંતી કરી અને પયુર્ષણ પર્વની આરાધના દરમ્યાન એનું પઠન કરવામાં આવે તો નુકશાન તો કરતું નથી ને?

(૨) ક્રિયાઓ વધી ગઈ છે તે વાત સાચી અને તેના પાછળની સમજ ભાવના ઘટતી જાય છે. આ વિષયે અમારા વ્યાખ્યાનોમાં શ્રાવકોને સમજ પણ પુરી પાડીએ છીએ. ક્યાંક-ક્યાંક સુધારા થાય છે પણ અમારું કામ તો પૂ. ચિત્રભાનુ મ.સા.નાં પ્રસિદ્ધિ સ્તવનમાં સમાયેલું છે.

**"માર્ગ ભુલેલા જીવન પથિકને માર્ગ ચિંધવા ઉભો રહું,**
**કરે ઉપેક્ષા એ માર્ગની તોયે સમતા ચિત્ત ધરું."**

આ પૂ. ભગવંતો "આશ અમર છે"ની સકારાત્મક ધુણી ધખાવી બેઠા છે. હું પણ આશા રાખું કે આપણે મહાવીરના જૈન ધર્મની સાચી સમજ પામીએ.

આજ વિષયનાં સંદર્ભમાં શ્રી તુષાર શુકલ, ગુજરાતી સાહિત્યનાં લેખક અને વિચારકે રજુ કરેલ વાત તેમનાં જ શબ્દોમાં ઉતારું છું.

નવી પેઢી અને આજનો સમય, એમાં ઘણો બદલાવ આવી ગયો છે. જૂનું હતું તે ભૂલાતું જાય છે. કોઈ જૂનું યાદ કરાવે તો નવી પેઢીને ગમતું પણ નથી. કેટલાક જૂનવાણી રિવાજ પર હસે છે. મજાક પણ ઉડાડે છે. રિવાજોની પાછળ સહેજ ઊંડા ઊતરીને વિચારવાની કોઈને ફુરસદ પણ નથી. કેટલાકને ધાર્મિક બાબતોમાં અંધશ્રદ્ધા દેખાય છે. એમને બધા ઉત્તર તર્કબદ્ધ જોઈએ છે. વૈજ્ઞાનિક આધાર પુરાવા જોઈએ છે. અલબત્ત, એમાં ખોટું પણ નથી. માત્ર "આગે સે ચલી આતી હૈ" એજ પર્યાપ્ત ન જ ગણાય. બદલાવવા જેવું બદલાવું જ જોઈએ. નવું અપનાવવામાં સંકોચ પણ ન હોવો જોઈએ.

પણ કેટલુંક "શ્રદ્ધાનો વિષય" પણ હોયને ! એને એ રીતે જોઈને અન્યની માન્યતા ને લાગણીનો આદર કરવો જોઈએ. કદાચ એ તર્ક કે વિજ્ઞાનનો વિષય ન હોય, એવી કોઈ કસોટીની એરણ પર એને ન ચકાસાય. એની મજાક ઉડાડીને વડીલોની લાગણી ન દુભાવાય, શ્રદ્ધાની લાકડીના ટેકે વડીલ ભલેને રસ્તો કાપે. એ લાકડીય લઈ લ્યો ને ટેકોય ન આપો તે બરાબર નથી. નવી પેઢીમાં પોતાના પરિવારની પરંપરાની સમજ ન ઊતરે, એને માટે સન્માન ન હોય અને મન પર એથી સાવ વિપરીત રંગ ચડે તો એ ચિંતાનો વિષય છે.

બાર વ્રત વિશે લેખ લખતાં લખતાં અને તેમાંથી પસાર થતાં શ્રી નરસિંહ મહેતાનું એક ભજન જે પૂ. મહાત્મા ગાંધીજીને અતિ પ્રિય હતું અને તેઓ પ્રાર્થના સભામાં એ ભજન અચુક ગવડાવતા એ ભજન અને આપણ બૃહદ્ અતિચાર માંથી પાંચ મહાવ્રત અને કેટલીક જૈન ધર્મની ખાસીયતોની ચર્ચા આવતા અંકમાં....

## વૈષ્ણવ જન તો તેને કહીએ

વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે;
પરદુ:ખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે...
સકલ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે...
સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પર-ધન નવ ઝાલે હાથ રે..
મોહ-માયા વ્યાપે નહીં જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે...
વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈયો તેનું દરશન કરતાં, કુળ એકોતેર તાર્યા રે...

# U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS




OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

**U M KHONA AND COMPANY**
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

**www.umkhona.com**

**CB: 11/189**

**આવો ઓળખીએ આપણા મહાજનોને**

# બેંગલોર ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન


**કેસરસિંહ ખોના** – જખૌ (ડોંબીવલી)

મો.: **93230 85396**




દેશની 'સિલિકોન વેલી'ની ઉપમા ધરાવતું બેંગ્લોર ખુશનુમા વાતાવરણ અને વ્યાપાર ઉદ્યોગની શાનદાર તકો ધરાવવાની સાથે કર્ણાટકની રાજધાની અને આર્થિક સમૃદ્ધિનું વાહક હોવાથી કેડીઓ જ્ઞાતિજનો માટે મહત્ત્વનું આકર્ષણ બની રહ્યું છે.

બેંગ્લોરમાં વસતા જ્ઞાતિજનોના પ્રોફાઈલ પર નજર કરીએ તો અહીં સીએ, ડૉક્ટર અને અન્ય વ્યવસાયો તથા સ્ટાર્ટ અપ ક્ષેત્ર સાથે સંકળાયેલા પ્રોફેશનલ્સની સારી એવી જમાવટ દેખાશે. જેમાં ખાસ કરીને કર્ણાટક રાજ્યની વ્યાપાર સંવર્ધક નીતિઓનો સારો એવો ફાળો છે.

ભારતના આ પાંચમા સહુથી વધુ વસતી ધરાવતા શહેરમાં સહુથી પ્રથમ આવી વસેલા કેડીઓ જ્ઞાતિજન હતા. નલિયાના શાહ દેવજી આણંદજી મૈશેરી. એમના પછી ધીમે ધીમે ૧૧૫ જેટલા પરિવાર આવી વસ્યા એમ મનાય છે.

આઈ.ટી. ક્ષેત્રની અનેક નાની મોટી કંપનીઓ આ શહેરમાં હોવાથી આપણી જ્ઞાતિના ઘણા આઈ.ટી. પ્રોફેશનલ્સ પણ અહીં રહે છે પણ તેઓ મહાજન સાથે કોઈપણ રીતે સંકળાયેલા નથી.

ટ્રાન્સપોર્ટમાં મુખ્યત્વે ડીલક્સ રોડલાઈન્સવાળા ધનજીભાઈ કલ્યાણજી ધરમશી પરિવાર હવે રિસોર્ટ વ્યવસાયમાં પણ વૈવિધ્યકૃત છે. મહાજનમાં હાલ વાઈસ પ્રેસીડન્ટ નિમાયેલા કીર્તિભાઈ ધનજી ધરમશી (સુથરી)ને દિલ્હીમાં યોજાયેલ ઑલ ઈંડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ દ્વારા ''ટ્રાન્સપોર્ટ રત્ન'' બહુમાન એનાયત કરાયો હતો.

મહાજનની સામાન્ય પ્રવૃત્તિઓ ઉપરાંત જરૂર પ્રમાણે સહાય કાર્ય કરે છે. કોરોના મહામારીના કારણે બેંગ્લોરના માત્ર એક કદઓ પરિવારને સહાયતાની જરૂર પડી હતી જે બેંગ્લોર મહાજને પૂરી પાડી હતી.

**મહાજનની કારોબારી :**

સતીષભાઈ ડી. શાહ (મૈશેરી) – પ્રમુખ

મીતેશભાઈ પી. લોડાયા (નલિયા) – મા. મંત્રી

કેતનભાઈ એન. લાપસિયા (દલતુંગી) – ખજાનચી

કીર્તિભાઈ ડી. ધરમશી (સુથરી) – ઉપપ્રમુખ

દિનેશભાઈ એમ. પીર (નાગડા) – ઉપપ્રમુખ



**સતીષ ડી. શાહ (મૈશેરી)**
પ્રમુખ



**મિતેશ પી. લોડાયા**
માનદ્‌મંત્રી



**કેતન એન. લાપસીયા**
ખજાનચી



**કીર્તિ ડી. ધરમશી**
ઉપપ્રમુખ



**દિનેશ એમ. પીર(નાગડા)**
ઉપપ્રમુખ

શ્રીમતી નિર્મલા દેવજી શાહ (મૈશેરી)–નલિયા સહમંત્રી

હિતેશ કુલીનકાંત મૈશેરી (વાંકુ) સહમંત્રી.

**કારોબારી સભ્યો :**

અમિત સોમચંદ લુઠિયા (નાની ખાવડી), દર્શન વિમલ લાલકા (બાંઢિયા), હેમાબેન ગુલાબ છેડા (નલિયા), લીના સંદીપ પટેલ (લાલા), મીત સતીશ લુઠિયા (નાની ખાવડી), રિષભ દિનેશચંદ્ર લોડાયા (સાંયરા), રવિન્દ્ર હરીશ મુનવર (જખૌ), વિવેક ઉમેશ ધરમશી (સુથરી).

**મહાજનનું રજિસ્ટર્ડ કાર્યાલય :** શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન બેંગ્લોર, ૧૦૧, તારા એપાર્ટમેન્ટ કો.ઑ.હા. સોસાયટી, ભગવાન મહાવીર જૈન રોડ, બેંગલોર–૫૬૦૦૭૮ અને પત્રવ્યવહારનું સરનામુ : C/o. કચ્છી ભવન, 44-B, 1st મેઈન, જે.પી. નગર 3rd ફેઈઝ, બેંગલુરૂ–૫૬૦૦૭૮. સંપર્ક ફોન : ૦૮૦૪૩૮૦૫૩૫૪.

## આ દિવાળી તમે કેવી રીતે ઉજવી ?

કોરોનાના પ્રકોપના કારણે ગત વર્ષે દિવાળી આપણે સૌએ સાદગીથી ઉજવી હતી. આ વર્ષે ઈશ્વરકૃપાથી સારી રીતે ઉજવવાના સંજોગો છે. ''આ દિવાળી તમે કેવી રીતે ઉજવી?'' એ વિષયે દસ–પંદર લીટીનું લખાણ મોકલવા સૌ વાચકોને નિમંત્રણ છે. શ્રેષ્ઠ લખાણને પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત કરવામાં આવશે તથા ઈનામ આપવામાં આવશે. – તંત્રી મંડળ

# સામાન્ય સભાનું પરિપત્ર

આદરણીય સભ્યશ્રીઓ,

વારાપધર ક.દ.ઓ. જૈન મહાજનશ્રી,

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે, **શ્રી વારાપધર કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, વારાપધર**ની સામાન્ય સભા તા. ૨૮.૧૧.૨૦૨૧ અને રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે દેવપુંજ હોલ, મુલુંડ મધ્યે રાખવામાં આવેલ છે. સર્વે શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજનના સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

નીચે દર્શાવેલ કાર્યસુચી (એજન્ડા) મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## કાર્યસૂચી (એજન્ડા)

૧. ગત મીટીંગની મીનીટ્સનું વાંચન અને બહાલી

૨. હિસાબી વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ના હિસાબોનું વાંચન અને બહાલી.

૩. ઑડીટરશ્રીના આવેલ સુચનો અંગે ચર્ચા અને આગામી વર્ષો માટે નિમણુંક.

૪. ટ્રસ્ટ બોર્ડના ફેરફાર રીપોર્ટ અંગે વાંધા અરજીઓનો નિકાલ અને મંજુરીની જાણકારી.

૫. અતિથીગૃહના રીપેરીંગ ખર્ચ અને નુતન રસોડાના બાંધકામના ખર્ચની જાણકારી અને બહાલી.

૬. દેરાસરજીનાં જીર્ણોધ્ધાર (નવું બાંધકામ) અંગે ચર્ચા અને કાર્યવાહી.

૭. દેરાસરજીની ધૃત ઉછામણી અને અન્ય બાકી રહેતી રકમ વસુલ કરવા અંગે.

૮. આવતા વર્ષના ધ્વજા મહોત્સવના દાતા સાથે ચર્ચા વિચારણા.

૯. પ્રમુખશ્રીની મંજુરીથી કે એમના દ્વારા અન્ય જે રજુઆત થાય તે. કોરમનાં અભાવે મુલત્વી સભા અડધા કલાક બાદ ફરી એજ સ્થળે મળશે, જેમાં કોરમનો બાધ રહેશે નહીં.

**શ્રી વારાપધર કચ્છી દશા ઓસવાલ**
**જૈન મહાજન, વારાપધર (કચ્છ)**
**ટ્રસ્ટીશ્રીઓ**

# લગ્નની બેંતાલીસમી વર્ષગાંઠ

**ચંદ્રિકા લોડાયા** – જખૌ(પુના)



વાર્તા

શશીને ઉઠતાં જરા મોડું થયું. ઊઠીને તરત જ એ માલવિકા માટે શયનખંડમાંથી બહાર આવ્યો. માલવિકા નહાવા ગઇ છે એમ જણાતાં ડાઈનિંગ ટેબલની ખુરશી પર છાપું વાંચવા બેઠો ને સમાચારોની દુનિયામાં એવો તો ડૂબી ગયો કે 'લગ્નની બેંતાલીસમી વર્ષગાંઠ મુબારક!' નો ટહુકો સંભળાતાં એમાંથી બહાર આવ્યો. માલવિકાએ કાળજીપૂર્વક સરસ સાડી પહેરી હતી. એણે ટેબલ પર બટેટા પૌંઆની બે તાસક ગોઠવી. પોતાની મનપસંદ વાનગી જોતાં શશી ખુશ થયો. એણે ઉમળકાથી જવાબ વાળ્યો, 'તને પણ બેંતાલીસમી વર્ષગાંઠ મુબારક!' ને એણે એક ચમચીમાં પૌંઆ ભરીને માલવિકાના મોંમાં મૂક્યાં. માલવિકા હસી પડી અને શશીનું અનુકરણ કર્યું. નાનકડું તોફાન કર્યા પછી ખુશ થતાં તોફાની ભૂલકાંની જેમ બંને હસવા લાગ્યાં.

'બેંતાલીસ વરસો પછી પણ તારું હસવું એવું જ રહ્યું છે.' શશીએ પ્રશંસાથી માલવિકા સામે જોતાં કહ્યું. માલવિકા ફરી હસી પડી, 'ગનીમત છે, પ્રોફેસર સાહેબને આજના દિવસે તો પત્ની સામે જોવાની ફૂરસદ મળી!' શશીએ નોંધ્યું કે જરાય અભાવ કે અણગમા વિના માલવિકા શશીની વ્યસ્તતાનો ઉલ્લેખ કરતી હતી. અધ્યાપન કાર્યમાંથી નિવૃત્તિ લીધા બાદ એ લેખન કાર્યમાં ગળાડૂબ રહેતો. એણે કહ્યું. 'ચાલ માલુ, આજે તો રજા પાડી દઉં છું!'

'તમારા પુસ્તકની ડેડલાઈન માથે ઊભી છે તેનું શું?'

'તું જ કહે, ડેડલાઈન સાચવવી કે લાઈફલાઈન?'

માલવિકાનું વદન રતુમડું થયું. 'શબ્દો કેમ વાપરવા એ તો તમારી પાસેથી શીખવાનું!'

'હું તો શબ્દો સર્જી શકું પણ હકીકતની વાત આવે ત્યારે તારો અવ્વલ નંબર આવે! હે, આજે શું કરશું? લંચ બહાર લેશું?'

માલવિકાને જાણે એટલું જ જોઈતું હતું. એણે તરત કહ્યું, 'વિચાર ખોટો નથી. આજે રાંધવાનું મન થતું નથી ને સાંજનું જમવાનું આમેય છોકરાંઓ સાથે થશે.'

કુટુંબમાં કોઈના પણ જન્મદિવસ કે લગ્નતિથીએ સાંજે બહાર જમવાનો વણલખ્યો નિયમ થઈ ગયો હતો. પછી જરાક વિચારીને માલવિકા બોલી, 'જમીને પિક્ચર જોવા જવું છે?'

'એઝ યુ વિશ! કયું પિક્ચર જોવું છે એ નક્કી કરી લે. તને કાંઈક મનગમતું લેવાનો સમય પણ રાખજે. ને અત્યારે તો પહેલાં આરામથી બેસ. ચા પીએ!'

માલવિકા શશીની સામે બેઠી. બેતાલીસ વર્ષથી ભાગીદારી નિભાવતા મનગમતા પુરુષને એ પ્રેમથી નિહાળી રહી. જીંદગીની વાંકીચૂકી રાહ પર એકમેકને સહારો આપીને ચાલતાં બંને આટલે સુધી પહોંચ્યાં હતાં. બાળકો સુદીપ અને વિભૂતિ વાટમાં જોડાતાં એમની સાથે ખૂબ મજા કરી. છેવટે બંને બાળકો પોતપોતાની આગવી રાહો પર વળ્યાં. વિભૂતિએ આકારની સાથે પોતાનીએ નવી દુનિયા રચી. સુદીપ જૉબ ખાતર અમેરિકામાં વસ્યો અને ત્યાં જ એની જેમ ભારતથી આવેલી યુવતી સાથે પ્રેમલગ્ન કર્યાં. સાત વર્ષ બાદ બંને અમેરિકાથી હંમેશ માટે ભારત પાછાં ફર્યા,ત્યારે સૌએ એક ઘરમાં રહેવાને બદલે સમજદારીથી પાસે પાસે રહેવાનો નિર્ણય લીધો. વિભૂતિનું ઘર ખાસ દૂર નહોતું. બાળકો ભલે સાથે નહોતાં પણ નજીક હતાં એ બસ હતું. દુઃખી થયા વિના શશી અને માલવિકાએ વર્તમાનને પ્રેમથી અપનાવ્યો હતો. આનંદની મૂક લહરો ક્ષણોના રથ પર સવાર થઈ બંનેને નજાકતથી સ્પર્શતી પસાર થવા લાગી.

શશી જાણે એ લહેરોને પકડવા મથતો હોય તેમ આંખમાં તોફાન ભરીને બોલ્યો :

'દો બોલતી આંખે,
જબ ચાયકી પ્યાલી સે ઊઠે.
તો દિલમેં ડૂબેં.'

માલવિકાને બહુ ગમ્યું. 'કૈફીની આ પંક્તિઓ...' માલવિકાના હોઠે આવ્યું પણ શશી શબ્દોની દુનિયામાં હતો અને પોતે હકીકતની એ ધ્યાનમાં આવતાં શબ્દોને મુખમાં જ રોકી લીધા. જો કે થોડીવાર પછી ભાવ જગતની સાથે વાસ્તવિક જગતની ભેળસેળ થઈ ગઈ અને વાતો વાતોમાં સાડા નવ વાગી ગયા ત્યારે માલવિકાએ હકીકતનો આરસો ધર્યો.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : પ્રવિણ માણેકજી મૈશેરી – નાની સિંધોડી (રાયપુર), મહાવીર ટ્રેડીંગ કાું.**

'પિક્ચરનો અઢી વાગ્યાનો શો બરાબર થશે. જમવા માટે સાડા બારે પહોંચી જઈએ તો જ પિક્ચરમાં સમયસર પહોંચાશે'.

શશીને જવાબમાં કંઇ કહેવાનું નહોતું. માલવિકા જ બોલી, 'નવી સાડી લીધી છે એ પહેરવી છે. આજે સરસ તૈયાર થવાનું દિલ થાય છે.'

'તું તો અત્યારે પહેરી છે એ સાડીમાં પણ સરસ લાગે છે!' આજે શશી માલવિકા પર ઓળઘોળ થવાના મિજાજમાં હતો.

શશીના મોબાઈલની ઘંટી વાગતાં એ વાત કરવા લાગ્યો.

'બોલ બેટા' શશીના અવાજમાં આવેલી કોમળતા પરખાતાં માલવિકાને સમજાયું કે સામેના છેડે એમની દીકરી વિભૂતિ હતી.

વિભૂતિએ સ્પીકર ચાલુ કરવાનો હુકમ કર્યો એટલે શશીએ તરત અમલ કર્યો.

'મમ્મી-પપ્પા, હેપ્પી વેડીંગ એનીવર્સરી! શું કરો છો બન્ને?'

'હમણાં જ ચા-નાસ્તો પતાવ્યા!'

'તમારી સાથે જમવા આકાર અને હું આવીએ છીએ. મમ્મીના હાથની દાળ ઘણા દિવસથી નથી ખાધી. આજે સાંજે અમારે બહાર જવાનું છે એટલે બપોરે આવી જઈએ છીએ.'

'સરસ, તો જમવા માટે તમારી રાહ જોશું' શશીએ એના સ્વભાવ મુજબ દીકરીને એ બંને બહાર જવાનું આયોજન કરતાં હતાં તે જણાવ્યું જ નહીં.

'જરાક મોડું થશે. બે વાગશે.'

'ચાલશે, તું તારે આવ ને!'

સામે છેડે ફોન મૂકાઈ ગયો.

'વિભૂ આવતી હોય તો એને થોડી ના પડાય? જમાઈ પણ જમવાના છે એટલે તારે વ્યવસ્થિત બનાવવું પડશે.'

માલવિકા રસોઈની કડાકૂટમાં પડવાના મૂડમાં જરા યે નહોતી. મુખમાં એ વાત લાવ્યા વિના એ ધીમે પગલે રસોઈગૃહ તરફ વળી.

જમીને વિભૂતિ અને આકાર ગયાં ત્યારે ચાર વાગ્યા હતા. બંને કામની વચ્ચેથી થોડો સમય ચોરીને આવ્યાં હતાં તેથી જરા ઉચક જીવે હતાં. એમના ગયા પછી માલવિકા અને શશીએ અર્ધાએક કલાકનો વિરામ કર્યો હશે ત્યાં એમના દીકરા સુદીપનો ફોન આવ્યો. એણે કહ્યું, 'મમ્મી, આવતીકાલે સવારે બાળકોની સ્કુલ છે તેથી વહેલાં જમવા જવું પડશે.'

'કેટલા વાગે?'

''પોણા સાતે પહોંચી જઈએ. છોકરાઓને પિત્ઝા ખાવા છે, ચાલશે?

'ચાલશે'. 'તો પિત્ઝાહટમાં પોણા સાતે મળીએ.'

પિત્ઝાહટ સાવ ઘરની બાજુમાં જ હતું. પોતાના મકાનમાંથી નીકળીને બાજુના મકાનમાં જવાનું. ત્યાં જવા સાડી બદલવાની માથાકૂટ કોણ કરે? પોણા સાત વાગવામાં દસ મિનિટની વાર હતી ત્યારે માલવિકા પહેરેલી સાડીએ જ શશી સાથે નીકળી ગઈ. સુદીપ, એની પત્ની અને બાળકો ય સમયસર આવી ગયાં. સૌએ શશી-માલવિકાને વધાઈ આપી પછી પોત પોતાને ભાવતા પિત્ઝાની વરદી આપી. દાદા-દાદીએ બાળકો સાથે વાતચીત કરી, મોટાંઓએ અહીં તહીંના ગપ્પાં માર્યાં. સુદીપની પત્ની થાકી ગઈ હશે કે પછી પતિ-પત્નીનો ઝઘડો થયો હશે તેથી મજામાં નહોતી લાગતી. ખાવાનું પત્યું એવાં તરત સૌ છૂટાં પડ્યાં. 'આવજો' 'આવજો' કહેતાં બાળકોને સુદીપ અને એની પત્નીએ ગાડીમાં ધકેલ્યાં અને એ લોકો ગાડી હંકારી ગયાં. પાંચ સાત મિનિટ પછી શશી અને માલવિકા પાછાં પોતાના ઘરમાં હતાં.

માલવિકાએ વિચાર્યું ચાલો, લગ્નની વર્ષગાંઠ પૂરી થઈ! બાળકો પોતાની વ્યસ્તતામાંથી સમય કાઢીને પ્રસંગ ઉજવે છે માટે ખુશ થવું કે પોતાની ફરજ બજાવી લે છે માનવું? શા માટે આટલા ઊંડા ઉતરવું? એમને મળવું ગમે છે ને!

'માલુ, તારે નવી સાડી પહેરીને સરસ તૈયાર થવું હતું ને? તો થઈ જા હવે!'

'હવે તો દિવસ પૂરો થવા આવ્યો. તૈયાર થઈને શું કરું?'

'અરે! આપણો સમય તો હવે શરૂ થાય છે! સાડી બદલી લે પછી પિક્ચરમાં જઈએ. દસ વાગ્યાનો શો આપણી રાહ જુએ છે. ને એ પહેલાં તારી સ્ટારબક્સની કૉફી પીશું!'

બધાં પર્ણ ખરી ચૂકેલા વૃક્ષ પર વસંતની કૂંપળો ફૂટી ઊઠી હોય તેમ માલવિકાના ચહેરા પર આનંદ લીંપાઈ ગયો. ઘરની બહાર નીકળતાં એણે અનાયાસે શશીનો હાથ સાહી લીધો.


**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

આરોગ્ય પ્રકાશ

# રોજીંદા વપરાતા સફેદ ઝેર અને રંગીન ઝેર

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



આપણે રોજીંદા જીવનમાં અમુક ચીજોનો વપરાશ કરીએ છીએ. સ્વાદમાં તો મસ્ત અને મજેદાર હોય છે પણ આપણા આરોગ્ય માટે ઝેર સમાન છે અને હવે મોટા ભાગના લોકો જાણી ગયાં છે છતાં એનો ઉપયોગ રોજ બરોજ થાય છે. કેમકે એ ઝેરની જેમ તરત જ પોતાની અસર નથી દેખાડતું અને આપણી જાણ બહાર આપણા આરોગ્ય પર ધીમા ઝેર જેવી અસર કરે છે. આ અસર આપણને શારીરિક તપાસ સિવાય દેખાતી નથી. સફેદ ઝેરમાં-સાકર, મીઠું, મેંદો, અજીનોમોટો, દૂધ અને રંગીન ઝેરમાં-ચા, કૉફી, કોલા, કાર્બોનેટેડ સોફ્ટ ડ્રીન્ક્સ મુખ્ય છે. આ બધા વિશે વિગતવાર જોઈએ.

**સાકર :** સાકર, ખાંડ અથવા રિફાઈન્ડ સુગરને 'એમટી કેલેરી' કહે છે. સાકરમાં કોઈપણ પોષક તત્ત્વ હોતા નથી, શક્તિ મળે છે. સાકરનો ગ્લાયસેમીક ઈન્ડેક્ષ ૬૮ છે જ્યારે પાકા કેળાનો ૪૮. જેટલો ગ્લાયસેમીક ઈન્ડેક્ષ વધારે તેટલી ઝડપથી શરીરમાં સાકર વધારે. જે લાંબે ગાળે ડાયાબિટીઝ કે બીજી તકલીફ આપે છે. સાકરના અતિરેકથી માણસની રોગપ્રતિકારક શક્તિ ઘટે છે; જાડાપણું, ડાયાબીટીઝ, હૃદયરોગ જેવી બિમારી થાય છે. શેરડીના રસમાં પોષક તત્ત્વો ઘણા હોય છે પણ તેમાંથી સાકર બને છે ત્યારે બધા જ પોષક તત્ત્વોનો નાશ થાય છે. કોઈ વિટામિન્સ, ખનીજ, ફાયબર મળતાં નથી. ગોળ પણ શેરડીના રસમાંથી બને છે પણ તેમા વિટામિન્સ, ખનીજ, ફાયબર અમુક પ્રમાણમાં જળવાઈ રહે છે. પણ ડાયાબિટીઝવાળા દર્દી માટે ગોળ પણ ધીમા ઝેર સમાન છે આપણા રોજીંદા આહારમાંથી આપણા શરીરને જરૂરી સાકર મળી રહે છે. ધાન્ય, ફળો, ડ્રાયફ્રુટમાંથી કુદરતી સાકર મળી રહે છે. જે લોકો શારીરિક શ્રમ નથી કરતાં અને સાકર ખાય છે તેમના લીવરમાં આ સાકર ફેટ તરીકે જમા થાય છે (ફેટી લીવર) જે બીજી બિમારી અને ડાયાબિટીઝ આપે છે. બજારૂ ખાદ્યોમાં પુષ્કળ પ્રમાણમાં સાકર ઉમેરવામાં આવે છે જેનો આપણને ખ્યાલ પણ નથી હોતો, માટે જ બજારૂ ખાદ્ય પણ ટાળો.

**મીઠું (નમક) :** આ પણ એક સામાન્ય રોજ બરોજ વપરાતું સફેદ ઝેર છે. આમાં સોડિયમ અને ક્લોરાઈડ હોય છે એ આપણા શરીરમાં પાણીના પ્રમાણને અસર કરે છે. નાની એક ચમચી (૫ ગ્રામ) થી વધુ મીઠું રોજીંદા વપરાશમાં લેવું ન જોઈએ. સફેદ ઝેર હોવા છતાં બિલ્કુલ બંધ પણ ન કરવું જોઈએ, નહીં તો શરીરમાં સોડિયમ અને ક્લોરાઈડની કમી થવાથી શારીરિક તકલીફો થાય છે. ૫ ગ્રામથી અધિક લેવાથી શરીરમાં પાણીનો ભરાવો થાય છે. પ્રેશર વધે છે. કીડની પર દબાણ આવે છે, વાળ જલ્દી સફેદ થાય છે. મીઠાને રિફાઈન્ડ કરવાના પ્રોસેસ વખતે એમાંથી કુદરતી આયોડીન નીકળી જાય છે અને ફ્લોરાઈડ ઉમેરાય છે. જે શરીરને નુકશાન કરે છે. સાકરની જેમ બજારૂ ખાદ્યમાં મીઠું પણ વધુ નાખવામાં આવે છે. પાપડ, અથાણા, ધાણાની દાળ, ખારા શીંગ, ખારા કાજુ વગેરેમાં મીઠું (નમક) વધુ ઉપયોગમાં લેવાય છે.

**મેંદો :** ઘઉંમાંથી બનતો હોવા છતાં તેને બનાવવાના પ્રોસેસમાં ઘઉંનું ઉપરનું પડ જેમાં ફાયબર હોય છે તે નીકળી જાય છે. પ્રોસેસ દરમ્યાન એમાનું એન્ડોસ્પર્મ (ટીશ્યુ)નો નાશ થાય છે, ઘઉંમાંનાં સત્ત્વો તેમાં બચતાં જ નથી, સર્વ સત્ત્વોનો નાશ થાય છે. વિટામીન ખાસ કરીને બી-કૉમ્પલેક્સ, મિનરલમાં આયર્ન, ફાયટોકેમીકલ્સ નાશ પામે છે. મેંદાને સફેદ કરવા બ્લીચીંગ અને રાસાયણીક પ્રક્રિયા કરવામાં આવે છે. ત્યારે તેમાં કેમીકલ દાખલ થાય છે. આ પ્રક્રિયા દરમ્યાન મેંદો એસીડીક થઈ જાય છે. તેથી તે એસીડીટી, ગેસ, પેટમાં-છાતીમાં બળતરા, દુઃખાવો, ઉલ્ટી જેવી તકલીફ આપી શકે. મેંદાનો રોજબરોજ વધુ ઉપયોગ કરતાં હાડકામાંથી કેલ્શિયમ ઓછું થાય; હાડકા છિદ્રાળુ બને; થોડુ લાગ્યા કે પડ્યાથી ફ્રેક્ચર થવાની શક્યતા વધી જાય. મેંદામાં ચીકાશ ખુબ હોવાથી આંતરડામાં ચોંટી જાય અને જલ્દી પાચન ન થાય. આ પાચન ન થયેલ ખોરાક કોહવાય અને સમસ્યા ઉભી કરે. આમાં ફાયબર ન હોવાથી જ પચતાં વાર લાગે એથી જ આમવાત જેવી અનેક સમસ્યા ઉભી કરે. આ રીતે જ રોજ મેંદાનો ઉપયોગ આપણી પાચનક્રિયાને ધીમી કરે છે. તેથી શરીરનું ચયાપચય

(મેટાબોલીઝમ) ધીમું થવાથી માથાનો દુઃખાવો, વજન વધવું વગેરે સમસ્યા પણ ઉભી થાય છે. મેંદાની ગ્લાયસેમીક ઈન્ડેક્સ વધુ હોય છે તેથી લોહીમાં તે સાકરનું પ્રમાણ વધારે છે. આ સાકરને પચાવવા પેનક્રિયાઝને વધુ ઈન્સ્યુલીન બનાવવું પડે છે. આ પ્રક્રિયા ક્યારેક થાય તો શરીર સહન કરી લે પણ રોજબરોજ થાય તો પેનક્રિયાઝ પર ભાર વધે અને ધીરે ધીરે ઈન્સ્યુલીન બનાવવાની પ્રકિયા ખોરવાઈ છેવટે ડાયાબિટીઝમાં પરિણમે. મેંદાની વસ્તુ જલ્દી રચતી નથી અને પાચન નબળું પાડે છે. તેથી લોહીમાં હાનિકારક LDL કૉલેસ્ટ્રોલ વધે છે. તેને લીધે લાંબે ગાળે હાય બી.પી., હૃદયરોગ થઈ શકે. મેંદાના ખાદ્ય ખાનારને તેમાં રહેલ કેમીકલ્સને લીધે 'ભૂખ લાગી છે' એવી ઈચ્છા જાગે છે તેથી વચ્ચે વચ્ચે ખાવાની આદત પડે છે, જે જાડાપણું, હાય બી.પી., ડાયાબીટીઝ, સંધિવાત, હૃદયરોગ, કીડનીની સમસ્યા વગેરે અનેક બિમારીની શક્યતા વધે આમ ફક્ત મેંદાની વસ્તુઓ સ્વાદિષ્ટ હોય પણ આરોગ્ય માટે ૧૦૦% નુકશાનકારક છે, તેથી જ આને સફેદ ઝેર કહ્યું છે. પાઉં, બિસ્કીટ, પીત્ઝા, બ્રેડ, ખાખરા અને અનેક ક્રીસ્પી ફરસાણમાં તેનો ઉપયોગ કરાય છે પણ ઉપર બનાવટમાં મેંદાનો ઉપયોગ થયો છે તેમ ઉલ્લેખ પણ કરાતો નથી.

**અજીનોમોટો :** આ સફેદ રંગનુ મોર્ડન ઝેર છે. જે મોનોસોડિયમ ગ્લુટામેટ છે. આ પદાર્થ ચાયનીઝ ફૂડ, સૂપ વગેરેમાં ભેળવવામાં આવે છે. પ્રોસેસ ફૂડમાં સાકર, મીઠું ઉપરાંત અજીનોમોટોનું પ્રમાણ ખતરનાક સ્તરનું હોય છે. હાવર્ડ ઈન્સ્ટીટ્યુટ ઑફ હેલ્થ અનુસાર આના કારણે કેન્સર, ટાઈપ-ટુ-ડાયાબિટીઝ (મોટી ઉંમરે થતું ડાયાબિટીઝ) જાડાપણું, હાય બી.પી., હાર્ટ એટેક, કીડનીની તકલીફ જેવી ગંભીર બિમારીઓ થાય છે. આ ચીજોનો વધુ વપરાશ આયુષ્યના ઓછામાં ઓછા ૧૦ વર્ષનો ઘટાડો કરે છે. અજીનોમોટો બિનજરૂરી એમીનો એસીડ છે. કુદરતી રીતે તે ટમેટાં, દ્રાક્ષ, ચીઝ વગેરેમાં મળે છે. ખાદ્ય અને સુપમાં ઉપરથી ઉમેરવાની કોઈ જરૂર નથી પણ સ્વાદ વધારવા એ વપરાય છે જે નુકશાનકારક છે. બાળકો અને યુવાનો તો ઠીક પણ મોટી ઉંમરનાં પણ ચાયનીઝ ખાવાના શોખીન બન્યા છે જે આરોગ્ય માટે ધોકાદાયક છે. આમ જો આપ ચાયનીઝ ખૂબ પસંદ કરતાં હો તો અજીનોમોટો ન વાપરતાં ઘરે જ ચાયનીઝ બનાવીને ખાવ બહારની ચાયનીઝ આઈટમને ટાળો.

(ક્રમશઃ)

## : તપસ્વીઓની નામાવલી :

હેમાબેન રાજેન્દ્ર હીરજી નાગડા નલિયા (ઘાટકોપર)

૩૬ ઉપવાસ અને ૮ બિયાસણા

**શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન સંઘ (મહાજન) રાયપુર**

**અઠ્ઠાઈ તપના તપસ્વીઓની નામવલી**

૧) શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી
૨) શ્રી નયન સતીશચંદ્ર છેડા
૩) સૌ. સમૃદ્ધિ સંજય જીવાણી
૪) ચિ. કૃષ્ણા દિપેશ લાલકા
૫) ચિ. હર્ષિતા ચંદ્રેશ છેડા
૬) ચિ. અર્પિત મનીષ લોડાયા
૭) સૌ. પ્રીતિ યશવંત છેડા, ભાટાપરા


Exclusive Embroidery & Upto date Finishing

જ્યોતિ *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed

Online Shopping via WhatsApp available. By appointment only.

Originally at Zaveri Bazar since 1976 Follow us on



હીલ સ્ટેશન : પંચગીની - મહાબળેશ્વરમાં
હવાફેર • શારિરીક - માનસીક આરામ અર્થે

**રાજલક્ષ્મી આરોગ્યધામ**

એસ.ટી. બસ સ્ટેન્ડની બાજુમાં, કિમીન્સ સ્કૂલની સામે,
પૂના - મહાબળેશ્વર રોડ, પંચગીની (મહાબળેશ્વર) • ફોન : 088796 77708

- પ્રકૃતિના સાનિધ્યમાં સુંદર-મનોહર દર્શન સાથે સંપૂર્ણ સુવિધાઓથી સુસજ્જ આરોગ્ય ધામ (નજીકમાં માર્કેટ + જૈન દેરાસર)
- સેલ્ફ કન્ટેન્ડ (૩+૧ વ્યક્તિ માટે) કુલ્લ ૨૪ બ્લોક

શુધ્ધ-સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.

**અન્ય સુવિધાઓ**

❖ લાયબ્રેરી ❖ વિશાળ બગીચો
❖ મીની ઈન્ડોર ગેમ ❖ નાના બાળકો માટે
❖ કોમન ટી.વી. ગેમ ગાર્ડન....

**દિવાળી તથા નૂતન વર્ષની શુભેચ્છા...**

અત્યાર સુધીમાં ૪૦૦૦ થી વધુ પરિવારો લાભ લઈએ, શ્રેષ્ઠ સુવિધાઓ - ખાનપાનની મુક્તકંઠે અનુમોદના કરી છે તે બદલ આભાર. સૌનું નવું વર્ષ સ્વાસ્થ્ય સભર બની રહો એજ શુભેચ્છા.

**મુંબઈ બુકીંગ સંપર્ક :**

રાજલક્ષ્મી આરોગ્ય ધામ

કલકતા વાળા બિલ્ડીંગ, (૨જે માળે), ૧૩૭/૪૧, સેમ્યુઅલ સ્ટ્રીટ,
મસ્જીદ બંદર (ભાત બજાર), મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : 088796 77709 - 23475611

બજારની વર્તમાન સ્થિતિ. મમ્મી-પપ્પાની વૃદ્ધ અવસ્થા. ઘરમાં કમાનાર વ્યક્તિ ફક્ત હું. છતાં પણ આજે મમ્મી અને મારી પત્ની વચ્ચેના ઉગ્ર મતભેદ. અંતે મનભેદનું પરિણામ બન્યું.

જે મને શંકા હતી તે જ અંતે થયું. વેકેશનમાં ગયેલ પત્ની વેકેશન પુરું થવા છતાં પિયરથી પાછા આવવાનું નામ નહોતી લેતી.

## વાર્તા

મેં કારણ પૂછ્યું તો જવાબ મારા સાસુ-સસરા તરફથી મળ્યો. જમાઈ રાજ, તમારા મા-બાપથી તમે જુદા થાવ તો મારી દીકરીને ત્યાં મોકલું.

અચાનક થયેલા પ્રહારથી હું મૂંઝાઈ ગયો છતાં પણ સ્વસ્થ થઈ મેં સામો સવાલ કર્યો.

અને નહીં થાઉં તો?

સસરા બોલ્યા 'દીકરી અહીં અમારે ત્યાં રહેશે'.

મેં કીધું 'આ તમારી ધમકી સમજી લઉં ?' તે બોલ્યા એવું સમજી લ્યો.

મેં કીધું 'તો મારી ચેતવણી પણ સાંભળી લ્યો. આ નિર્ણય તમારો છે મારો નહીં. હવે પછીના આવનાર દરેક પરિણામો માટે ફક્ત તમે જવાબદાર હશો.'

'મતલબ' સસરા બોલ્યા.

મતલબ સાફ છે. મા-બાપ મારા છે જુદા થવું કે ન થવું એ મારી અંગત વાત છે, આ તમારો વિષય નથી. જેથી તમે તમારી મર્યાદામાં રહો અને હું મારી મર્યાદામાં રહું. તેમાં આપણા બંન્નેનું માન સન્માન રહેશે. એમ વાત કરી મેં મોબાઈલને કટ કર્યો..

મને ઘરે ચિંતામાં બેઠેલો જોઇ પપ્પાએ સવાલ કર્યો, બેટા કોઈ તકલીફ ?

મેં વિગતે વાત કરી....

પપ્પાના ચહેરા ઉપર નારાજગી જણાતી હતી. પણ સાથે મક્કમતા પણ હતી. પપ્પા તરત જ સ્વસ્થ થઈ બોલ્યા 'બેટા આવડી નાની વાતમાં દુઃખી શું કામ થવું?' મારા તરફથી લિલી ઝંડી છે તને. તું આનંદથી જુદો થા બેટા. તેઓ તેમની ભીની આંખો લૂછતાં બોલ્યા 'બેટા પણ અમને મળવા આવતો રહેજે'

આવા નાના કારણોને લીધે લગ્નજીવન ઉપર કોઈ અસર ન થવી જોઈએ. આટલું બોલી પપ્પા છાપું વાંચવાનો વ્યર્થ પ્રયત્ન કરવા લાગ્યા. મને મંદિરની અંદર બેઠેલો ભગવાન રડતો હોય તેવી લાગણી થઈ. અગણિત ઉપકાર મારી જીંદગી ઉપર આ મા-બાપના છે. પોતાની જરૂરિયાત ઉપર કાપ મૂકી મારા મોજશોખ પુરા કર્યા.

જ્યારે જ્યારે હું રડતો ત્યારે ત્યારે પપ્પાએ મને હસાવવાનો પ્રયત્ન કર્યો છે. જ્યારે જ્યારે હું મુંઝાયો છું ત્યારે ત્યારે મારા ખભા ઉપર હાથ મૂકી મને હિંમત આપી છે. એ પપ્પાની ભીની આંખો અને હિંમત હારેલા જોઈ હું કઈ રીતે ઘરની બહાર જઈ શકું ? તેના માટે તો માત્ર હું જ ઘડપણની લાકડી છુ.

મારા લગ્ન જીવનને ફક્ત ચાર વર્ષ જ થયા છે. તેમાં મારા સાસુ સસરાને આવું બોલવાનો હક્ક કોણે આપ્યો ?

તમે દીકરી આપી છે તો મારા મા-બાપે કમાતો દીકરો આપ્યો છે એટલે દિકરી આપી અને મારા ઉપર તમે ઉપકાર કરતા હોય તેવું વાણી વર્તન તો હું કદી નહીં ચલાવું. એવો મેં મનની અંદર નિર્ણય લઈ લીધો.

સાંજે મમ્મી-પપ્પા સાથે ડાઇનિંગ ટેબલ ઉપર હું જમતો હતો. ફરીથી સસરાનો મોબાઈલ આવ્યો. ફરીથી એજ સવાલ, જમાઈરાજ શુ વિચાર્યું ?

મેં કીધું વિચારવાનું શુ હોય? મારી ટ્રાન્સફર તમારા જામનગર ગામમાં જ કરાવી લીધી છે. હું મમ્મીપપ્પાથી જુદો થાઉં છું. પણ, હવે જામનગરમાં કાયમ માટે તમારી જોડે રહીશ.

'જમાઈરાજ ઘર ના મળે ત્યાં સુધી સાથે રહેજો' સસરા બોલ્યા...

મેં કીધું 'ઘર કોને ગોતવું છે? મારે તો તમારા ઘરે જ

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)**

તમારી દીકરી સાથે કાયમ રહેવું છે. આમે હું તમારી દીકરીના આગ્રહને કારણે તમને પપ્પા કહી ને જ બોલવું છું. ૩૫ વર્ષ મારા બાપે મને સાચવ્યો બાકીના વર્ષ તમે મને સાચવો.' સસરાજી ગંભીર થઈ બોલ્યા 'એ શક્ય નથી. દીકરી અને જમાઇ કાયમ માટે અમારા ઘરમાં સારા ન લાગે.

મેં કીધું 'પણ મારે તમારી સાથે જ રહેવું છે. જેથી મને અને તમને તમારી લાડકી દીકરીના સાચા સ્વરૂપની ખબર પડે.

સસરા બોલ્યા 'દીકરી જમાઈ પિયરમાં સારા ન લાગે. સાસરામાં જ સારા લાગે.

મેં કીધું 'મારૂં કહેવાનું એજ છે વડીલ. દીકરી સાસરે જ સારી લાગે. તમારી દીકરી છે તો તે મારી પત્ની પણ છે. જેટલી ફરજ તમારી દીકરીને મારે સુખી રાખવાની છે તેટલી જ ફરજ મારી મારા મા-બાપ પ્રત્યે પણ છે. એ કેમ તમે ભૂલી જાવ છો ?

તમારી દીકરીને જ્યારે મોકલવી હોય ત્યારે ૩૬૫ દિવસ અમારા ઘરના બારણાં ખુલ્લા છે. બાકી એક સલાહ તમને આપું. તમે દીકરીના ઘરમા માથું ના મારો એ આપણા એકબીજાના હિતમાં છે.

તમારા લાડ અને વધારે પડતા પ્રેમે તમારી છોકરીને વધારે પડતી સ્વછંદી અને તોછડી બનાવી દીધી છે. આજકાલ  દીકરીના મા-બાપ દીકરીનું યોગ્ય ઘડતર કરતા નથી. અને વગર ટ્રેનિંગે કોઈના ઘરમાં મોકલી આપે છે, પછી વર અને  સાસુના વાંક કાઢવા એ આદતો બનતી ગઈ છે.

છેલ્લે મારૂ સાંભળી લ્યો, તમારી દીકરીને એકલું એટલે રહેવું છે તેના સમયે ઉઠવું, કીટીપાર્ટીઓ કરવી છે અને સહેલીઓ સાથે રખડવું છે, તે શક્ય નથી.

આપ છ મહિના કે વર્ષ સાચવી તેનો અનુભવ કરી જુઓ. લગ્ન પહેલાની દીકરી અને સાસરેથી પાછી આવેલ દીકરીનો તફાવત ખબર તમને પડી જશે. અને યાદ રાખજો. અહીં મુકવા તમે જાતે આવશો.

સોમવારથી સ્વીટુની સ્કૂલ ખુલે છે તમારી દીકરીને મોકલવી હોય તો મોકલી આપો નહીંતર સ્વીટુનું ત્યાં એડમિશન લઈ લેજો, કહી મેં મોબાઈલ કટ કરી દીધો.

પપ્પા મમ્મી મારી સામે જોતા રહ્યા. પપ્પા ભીની આંખે બોલ્યા, 'તારા વ્યક્તિવ પ્રમાણે મેં જે આશા તારી પાસે રાખી હતી તે જ તું બોલ્યો બેટા ગર્વ છે મને તારા ઉપર... સાથે તારી મમ્મીને પણ એક સલાહ આપું છું. બિન જરૂરી કચકચ કે તે લોકોની વ્યક્તિગત જીંદગીની અંદર દખલગિરી ન કરતી નહીંતર ઘરને તૂટતું કોઈ બચાવી નહીં શકે.' ત્યાં થોડીવાર પછી ફરીથી મોબાઈલની રીંગ વાગી. સસરાનો મોબાઈલ આવ્યો.

જમાઈરાજ કાલે બપોરે નીકળી રાત્રી સુધીમાં અમારી દીકરીને મુકવા આવું છું. સાંજે આપણે સાથે જમવાનું રાખશું.

મેં કીધું 'આવો તો બેત્રણ દિવસ રોકાઈ ને જજો ઘર જ છે.'

સસરા બોલ્યા 'બેટા માફ કરજે. તારી સ્વમાની અને કડક વાત સાંભળી. મારી જવાની યાદ આવી ગઈ. મેં તારા જેવું વર્તન કર્યું હોત તો આજ મારા મા-બાપના દીવાલ ઉપર લટકતા ફોટા સામે નીચે માથે ઉભો ન હોત.

તમે શાંતિથી સ્વમાનથી તમારા મા-બાપ સાથે જીવો. તેવા અમારા આશીર્વાદ છે...!

**- સંકલન**


## પડાણાના પ્લોટ ધારકો જોગ...

સુજ્ઞ જ્ઞાતિજનો... જય જીનેન્દ્ર...

લગભગ ૨૨ વરસ પહેલા આપણે ગાંધીધામ પડાણામાં પ્લોટો લીધેલ હતા. સમય જતાં ત્યાં ખાસ ડેવલપમેંટ થયેલ નથી. પણ હમણાં કોરોના કાળ બાદ ત્યાં ભાવતાલમાં સુધારો જણાય છે. મારી હમણાં બહારગામની ત્રણ પાર્ટીઓ સાથે પ્લોટોના વેંચાણ બાબત વાતચીત ચાલે છે. આપ સૌને નમ્ર વિનંતી છે કે આપ આપના પ્લોટ વેંચવા માગતા હો તો મારો સંપર્ક કરજો. આપ સૌને વિગતવાર વાતચીત સમજાવીશ.

**લી.**

મો.: ૯૯૩૦૦૦૮૩૩૯ **લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો)**


**શ્રી શરદભાઈ એચ. મોમાયા**

**વરાડિયા (હુબલી)**



**'JITO" હુબલી ચેપ્ટરના ઉપપ્રમુખ પદે નિયુક્ત થયા છે એ બદલ પ્રકાશ સમીક્ષા તરફથી હાર્દિક અભિનંદન.**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા :  હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). ભૂતકાળ બદલી શકાતો નથી.**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ક.દ.ઓ. જૈન મહાજન – ગદગ

આ વર્ષે આસો માસની આયંબિલની ઓળી શ્રીમતી મમુબાઈ વેલજી નાગડાના સૌજન્યથી શ્રી મહાજનશ્રીની નિશ્રામાં તા. ૧૨.૧૦.૨૧ થી ૨૦.૧૦.૨૧ સુધી લાભાર્થી પરિવાર અ.સૌ. ભાગ્યલક્ષ્મીબેન નિતીન નાગડા કચ્છ જખૌ હાલે ડોંબિવલી તથા સ્વ. લતાબેન લક્ષ્મીચંદ કેનીયા કચ્છ કપાયા હાલે કાંદિવલી તરફથી કરાવવામાં આવેલ જેમાં ૧૯૭ તપસ્વીઓએ આયંબિલની તપસ્યા કરેલ તથા ૯ આયંબિલની તપસ્યા ૧૬ જણાએ કરેલ.

સહુ લાભાર્થી પરિવાર તરફથી તપસ્વીઓને પારણા કરાવવામાં આવેલ, આયંબિલની ઓળી દરમિયાન સ્વાદિષ્ટ રસોઈ આપણા સમાજની બહેનો દ્વારા બનાવવામાં આવેલ.

### સખીવૃંદ – પુના

આ વર્ષની ત્રીજી મીટીંગ તા. ૨૫ સપ્ટેંબરના દીપાબેન ધરમશી દ્વારા "How to cope with મેડીકલ ઈમરજન્સી in daily life ના વિષયઉપર ઓનલાઈન યોજાઈ હતી. આકસ્મિક અવસ્થામાં અચાનક આવી પડેલ તબીબી મુસીબતનો સામનો કેવી રીતે કરવો તથા ડૉક્ટર આવ્યા પહેલાની પૂર્વ સારવાર કરી આપણા સ્વજનોની મદદ કઈ રીતે કરી શકાય તે વિષયની સંપૂર્ણ જાણકારી આપવા માટે એમની સુપુત્રી ડૉક્ટર રવિના ધરમશીને આમંત્રણ આપ્યું હતું. દીપાબેને મધુર શાયરી સાથે સખીઓને આવકાર્યા હતા.

એનર્જી સેન્ટરના ત્રીજા એપિસોડમાં ફેશિયલ યોગા પાર્ટ ટુ તા. ૧૫ સપ્ટેમ્બના ઓનલાઈન યોજાયેલ હતી. બાહ્ય સુંદરતાની સાથે આંતરીક સુંદરતા માટે સૌથી મહત્ત્વની બાબત છે પોતાની ભૂલોની માફી માંગી, બીજાની ભૂલોને ભૂલી જઈ હંમેશા આગળ વધતું રહેવું જોઈએ એ સમજ નિશાબેને આપી. સાથે લઘુશંખ અને દીર્ઘશંખ પ્રક્ષાલનની વિસ્તૃત જાણકારી આપી. અંતમાં ચાંદની લોડાયાએ દીપાબેન, રવિનાબેન અને નિશાબેનનો આભાર માન્યો.

### શ્રી કે ડી ઓ જૈન સમાજ – વડોદરા

પર્યુષણ પર્વમાં શ્રી આર્યરક્ષીત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઈથી લક્ષ્મીબેન ફુરીયા અને વડોદરાના રશ્મીબેન મોમાયાએ સુંદર ધર્મ આરાધના કરાવી. સ્વપ્નનું ધૃત ૧૧૧૨૪૨ મણ થયું.

**તપસ્યામાં ૧૧ ઉપવાસ**–શ્રી ધનેશ લક્ષ્મીચંદ લોડાયા

**૮ ઉપવાસ** – શ્રી. ભરત રામજી નાગડા, ચિ. ઉદીત ભાવેશ લોડાયા, ચિ. જૈનમ કમલેશ દંડ, શ્રીમતી લીનાબેન હીરાચંદ લોડાયા, શ્રીમતી ફેનીલ સ્મિત દંડ, શ્રીમતી નેહાબેન દીપેન લોડાયા, શ્રીમતી કુંજન ધવલ નાગડા.

પાઠશાળાના નાના બાળકોએ 'હાથના કર્યા હૈયે વાગ્યા' સુંદર નાટક રજુ કર્યું અને સ્વપ્નમાં બાળકોએ ૧૪ સ્વપ્ન બની સુંદર રજૂઆત કરી હતી. શ્રી મહાકાળી માતાજીની સમુહ ભાવના તથા વ્યાખ્યાન બાદ ધાર્મિક હરીફાઈ રાખવામાં આવી હતી. આસો માસની સાસ્વત આયંબિલની ઓળી સંઘનાં રસોડે માતુશ્રી નવલબેન જેચંદ લોડાયા પરિવાર તરફથી કરાવવામાં આવી જેમા ૧૨ ઓળીનો અને ૧૨૮ ભાગ્યશાળીઓએ લાભ લીધો.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ (મહાજન)

પર્યુષણ મહાપર્વની આરાધના માટે શ્રી આર્યરક્ષિત વિદ્યાપીઠ મુંબઈથી આરાધક શ્રી રાજાભાઈ નંદુ (વાંઢ) અને ધર્મેન પડ્યા (જામનગર) સાથે કચ્છના ઢોલી પધાર્યા હતા.

પ્રથમ દિવસે શ્રી પાર્શ્વપંચકલ્યાણક પૂજન, બીજા દિવસે શ્રી ૧૮ અભિષેક, ત્રીજા દિવસે શ્રી પોથીજીના ચઢાવા, ચોથા દિવસે શ્રી ગૌતમસ્વામી અનુષ્ઠાન, પાંચમા દિવસે શ્રી મહાવીર પ્રભુજીના જન્મ સ્વપ્નોની બોલી, છઠ્ઠા દિવસે શ્રી વીસ વિહરમાન અનુષ્ઠાન, સાતમા દિવસે તપસ્વીઓની સામુહિક સાંજી, આઠમા દિવસે શ્રી બારસાસુત્રનું અર્પણ રાખવામાં આવેલ.

ત્યારપછી તપસ્વીઓનું પારણું અને અભિનંદન, દેરાસર તથા ભોજન શાળાના સ્ટાફનું સન્માન, સામુહિક ક્ષમાપના, પાલનાજીનો વરઘોડો કાઢવામાં આવેલ.

બપોરે સકલ સંઘનું વાજતે ગાજતે સ્વાગત કરવામાં આવેલ. સાંજે ભક્તિ રાખવામાં આવેલ.

મહાજનના પ્રમુખશ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ સર્વેનો આભાર વ્યક્ત કરી મિચ્છામી દુક્કડમ્ કહેલ.

## નાગપુર માં શરદ પૂનમની ઉજવણી



૨૩ ઓક્ટોબર, શરદ પૂનમનાં શેઠ શ્રી નરશી નાથાની છબીને પુષ્પાંજલિ અર્પણ કરી અને શ્રી મેઘજીભાઈ અને સૌ અંજનાબેન તથા કસ્તુરી બેનના હસ્તે દીપ પ્રજ્વલન કરી, કાર્યક્રમની શરૂઆત થઈ. યુવા મંચ દ્વારા આયોજિત કચ્છી દમશેરાઝ અને અમેરિકન હાઉસીમાં બધાયે ભાગ લીધો. ત્યારબાદ યુવા મંચના કાર્યકારી મેમ્બર્સને બેચ પહેરાવવામાં આવ્યા. નાના છોકરાઓની ગરબા સપર્ધામાં ૧) કુ.રવ્યા મયંક મૈશેરી, ૨) ચિ. ધૈર્ય પારસ શાહ, ૩) ચિ.જસ ઋષિ લોડાયા. બેસ્ટ ડ્રેસ્ડ કપલનું ઇનામ સૌ. દર્શના પારસ શાહ.

બેસ્ટ ગરબા કપલ ૧) સૌ. તુમી નિખિલ ખોના ૨) ડિમ્પલ અને અંજલિ ધરમશી. બેસ્ટ ગરબા : ૧) સૌ. રૂપાલ પ્રફુલ પોલડીયા ૨) સૌ. ભાવિની યોગેશ જૈન. ગરબા સ્પર્ધાના જજ સૌ મધુ મુનવર અને સૌ બીજલ માલાની હતા. ૮૦-૮૫ મેમ્બર્સની ઉપસ્થિતિ હતી.

# વતનના વર્તમાન

સંકલન : **કેસરસિંહ ખોના**

### ગાગોદર નર્મદા પેટાકેનાલ

જાળવણીના અભાવે ગાગોદર કેનાલમાં ઠેક ઠેકાણે ઝાડીઝાંખરા અને માટીના લીધે પાણીનો પ્રવાહ અવરૂદ્ધ થયો છે. ૫૭ કિ.મી. લાંબી આ પેટાકેનાલની યોગ્ય જાળવણી અને મરામત માટે નેતાગીરી પ્રયાસ કરી રહી છે ત્યારે માંડ એક જેસીબી મશીનથી કામગીરી શરૂ કરાઈ તો છે પણ આટલી લાંબી નહેરનું કામ સમય પર પૂરૂં થવામાં શંકા છે. પરિણામે ખેડુતોને રવિ પાક માટે સિંચાઈનો લાભ મેળવવો મુશ્કેલ બનશે એમ જણાય છે.

### કારાયલને પદ્મશ્રી

કચ્છીયત જેની ઓળખ છે એ હાસ્યવક્તા અને કેળવણીકાર ભાઈ શાહબુદ્દીન રાઠોડ તથા કચ્છીના વરીષ્ઠ કવિ સાહિત્યકાર નારાયણ જોશી ''કારાયલ''ને ૮ નવેમ્બર ૨૦૨૧ના પદ્મપુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે.

રાષ્ટ્રપતિ ભવન (દિલ્હી)ના દરબાર હૉલમાં આયોજિત થનારા આ કાર્યક્રમમાં કુલ ૧૪૧ લોકોને પદ્મ પુરસ્કારથી નવાજવામાં આવશે. આ ૧૪૧ પૈકી બે કચ્છી સહિત ગુજરાતના સાત જણ છે.

સ્મરણીય છે કે મૂળ સાંધવ તા. અબડાસાના શાહબુદ્દીનભાઈ બે પેઢી પૂર્વે થાનમાં સ્થાયી થયા હતા. હાઈસ્કુલના આચાર્ય પદેથી નિવૃત્ત થયેલા શાહબુદ્દીનભાઈ ખાસ તો 'વનેચંદનો વરઘોડો'થી ખૂબ લોકપ્રિય થયા હતા.

નારાયણભાઈ જોશી 'કારાયલ' ઉપનામથી કચ્છી સાહિત્ય અને કચ્છી ભાષાના વિકાસ માટે આજીવન ભેખધારી છે. બંને કચ્છી પ્રતિભાને અભિનંદન.

### માતાના દર્શન માટે ૧૬૦૦ કિ.મી. પદયાત્રા

મોટા કાદિયાના યુવાન યોગેશભાઈ પોકાર હૈદરાબાદથી માતાના મઢ દર્શન કરવા ૪૮ દિવસમાં ૧૬૦૦ કિ.મી. પદયાત્રા પૂરી માનતા પૂર્ણ કરી હતી. યોગેશભાઈ ઑક્સિજન ઉત્પાદક કંપનીના મેનેજીંગ ડિરેક્ટર છે.

### સામખીયાળીમાં નવરાત્ર રાસ મહોત્સવ

સામખિયાળી સ્થિત ઈલેક્ટ્રો થર્મ (ઈંડિયા) લિ. દ્વારા ત્રણ દિવસનાં નવરાત્ર રાસ મહોત્સવનું આયોજન કરાયું હતું જેમાં કાઠિયાવાડી રાસ, રાજસ્થાનના ઘૂમર અને મધ્યપ્રદેશના સીમાડા પર રહેતા આદિવાસી સમાજનો ટીમલી રાસ રજુ કરવામાં આવ્યો હતો. કંપનીના એક્ઝીક્યુટીવ ડિરેક્ટર શાંતનુકુમાર નાથ અને એચઆર હેડ જયવીરસિંહ જાડેજાના હસ્તે પુરસ્કાર આપવામાં આવ્યા.

### ચાલીસ વરસે સારસ દેખાયા

ભારતીય કથાના નાયક જેટલો મહત્ત્વ ધરાવતા સારસ પક્ષીઓની એક ટુકડી ૪૦ વરસ બાદ પક્ષી ગણતરીના ધ્યાનમાં આવી છે. વાલ્મીકી રામાયણમાં વર્ણિત કૌચ એ જ સારસ માથે લાલ-મરૂન ટોપી જેવો રંગ ધરાવતું આ પક્ષી પાંચ ફુટ જેટલું ઊંચું હોય છે. રાપર તાલુકાના ખાંડેકા હિંમતભાઈના ખાનગી તળાવમાં સારસ જોડીએ ઈંડા મૂક્યાના અહેવાલ છે.

### રણોત્સવ

ધોરડો ખાતે ૧૦મા શ્વેત રણોત્સવની તૈયારી જોશભેર ચાલુ છે. જોડીયા-પાવા, મોરચંગ અને ઘડા ઘમેલાના તાલે

ગવાતા કચ્છી સિંધી રાગ રાગીણીની તૈયારી સાથે સહેલાણીઓને આવકારવાના મોરચા મંડાઈ ગયા છે.

ગત બે વરસ તો કોરોનાની બલી ચઢી ગયેલો રણોત્સની કસર પૂરી કરવા થનગની રહેલા તંત્રે આ વખતે આધુનિક લાઈટીંગ, સુંદર ભુંગા, હેલીકોપ્ટરથી રણ નિરીક્ષણ અને દેશભરના કસબીઓનો મેળો અનોખા આકર્ષણ રહેશે.

**આશાપુરા મંદિર-ભુજનું કળશ પાટોત્સવ**

ભુજના આશાપુરા મંદિર ખાતે સુવર્ણ કળશનો ૨૪મો પાટોત્સવ શરદ પૂર્ણિમાના દિને યોજાયો હતો.

આ અવસરે રાજમહિષી કીર્તિદેવી માતાના દર્શને પધાર્યા હતા. મહારાણીબાના સાથે આ અવસરે તેરાના ઠાકોર મયુરધ્વજસિંહ પરિવાર દેવપરના ઠાકોર કૃતાર્થસિંહજી, રાજ પરિવારના કુંવર ઈંદ્રજીતસિંહ (નલિયા), જોરાવરસિંહજી રાઠોડ તથા અનેક ગણમાન્ય અગ્રણીઓ મોટી પોશાળ જાગીરના અધ્યક્ષ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

**નલિયા ભુજ રોડની મરામત**

અબડાસાના મુખ્ય મથક નલિયાને ભુજ સાથે જોડતા માર્ગને મરામતની ખાસ જરૂર હોઈ મરામત કરાવવાનો નિર્ણય લેવાયો છે. સ્મરણ રહે નલિયા ભુજ માર્ગ પર દૈનિક સરેરાશ ૧૦૦૦ થી ૧૨૦૦ વાહન પસાર થાય છે. આમાં ૫૦૦ જેટલા વાહન તો મેગા લોડિંગ ટ્રક હોય છે. અને રોડનું રીપેરીંગ જરૂરી બની ગયું છે.

**તેરા હીંગલાજ ધામ**

તેરા સ્થિત નાકર બ્રાહ્મણસમાજના કુળદેવી હીંગલાજ માતાના મંદિરે પરંપરા મુજબ માઈધામ વિકાસ ટ્રસ્ટના નેજા હેઠળ ધાર્મિક કાર્યક્રમ તથા સમાજના અગ્રણી તબીબ અને મોવડીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

## અલ્પસંખ્યક સમાજમાં લગ્નની સમસ્યા

થોડા મહિના પહેલાં આપણી જ્ઞાતિના કોઈ સોશિઅલ મીડિયા ગ્રુપમાં કોઈ જ્ઞાતિજને એક પોસ્ટ વાયરલ કરેલ, જેમાં ચાર યુગલો જેના તાજેતરમાં સગપણ થયા હતા તેમના ફોટા હતા. આ એવા સગપણ હતા જેમાં યુવક અને યુવતી બંનેની અટક (નુખ કે સરનેઈમ) એક જ હતી. આવા સબંધો માટે કદાચ સગોત્ર શબ્દ પ્રચલિત છે. તદ્ઉપરાંત એ ભાઈએ આ સગપણોને ક્રાંતિકારી કે એવાજ કોઈ શબ્દ સમૂહથી વધાવેલ. આ જે પર્વભુમિકા લખેલ છે તે કોઈ પણ જાતના પૂર્વગ્રહ કે અભિપ્રાય વગર તટષ્ઠ રીતે લખેલ છે.




ભારતમાં અને સમગ્ર વિશ્વમાં આવા લગ્નો કે સગપણો થાય છે. ભારતમાં ખાસ કરીને લઘુમતી અને અલ્પસંખ્યક જ્ઞાતિઓમાં તો કદાચ એકાદ સદીથી આ પરમ્પરા કે પ્રથા અસ્તિત્વમાં છે, જે સમાજ અને સરકાર દ્વારા પણ સ્વીકૃત છે. આજથી ૫-૬ દસકાઓ પહેલાં ઘણા હિન્દુઓને (જેમાં જૈનો પણ સામેલ છે) આ પરમ્પરા કે પ્રથા અજીબ કે વિચિત્ર લાગતી હતી અને કેટલીક વાર લોકો આ પ્રથા બાબત મજાક પણ ઉડાવતા હતા. આ પ્રથાના મૂળમાં જે કારણ છે તે છે; અલ્પ સંખ્યક જ્ઞાતિઓમાં પાત્રોની અછત જેથી જ્ઞાતિ, સમાજ કે કોમના અસ્તિત્વને ટકાવી રાખવા આવા સંબંધોને સામાજિક માન્યતા આપવામાં આવેલ, એવું તારણ સમાજશાસ્ત્રીઓ અને સમાજવિદ્યોએ કાઢેલ છે.

લગભગ દસેક વર્ષ પહેલાં ઉત્તર ભારત અને પૂર્વ ભારતના કેટલાક રાજ્યોમાં આવા સગોત્ર લગ્નો સામે બહુ જ વિરોધ અને ઉહાપોહ થતો હતો અને કેટલીક વાર તો આવા સગોત્ર લગ્નો કરેલ પાત્રોના ખૂન કે હત્યા પણ કરવામાં આવતી અને જેને ત્યાંની 'ખાપ પંચાયત' સજાના રૂપમાં માન્ય રાખતી કે હત્યા કરવાના આદેશ કે હુકમ પણ આપતી! અગાઉ આવા સામાજિક ગુના કે સમાજના માન્ય રીતરિવાજનું ઉલ્લંઘન કરનારને સમાજ બહાર કરતા જેના માટે હિન્દી ભાષી રાજ્યોમાં 'હુક્કા પાની બંધ' જેવા શબ્દ સમૂહ વપરાતા. બહુજ રૂઢિચુસ્ત અને લડાયક કોમોમાં પ્રેમલગ્ન હજી પણ સ્વીકૃત નથી થતા. મોટા ભાગના મનુષ્યો અસ્તિત્વ ટકાવી રાખવા ઘણા બધા સમાધાનો કે બાંધછોડ કરતાં હોય છે. જયારે એકલ દોકલ વ્યક્તિ સમાજની માન્ય પ્રથા કે રીતરિવાજથી અલગ વર્તન કરે ત્યારે પ્રથમ તો સમાજ નારાજ થાય અને જયારે આવા બનાવો વધારે પ્રમાણમાં થાય ત્યારે તેને સ્વીકારી લે છે. આ કોઈ હારજીત, અપમાન કે અવમાનની વાત નથી. આ એક સમાધાન, સ્વીકૃતિ કે સમજૂતી છે જે સમયસંગત અને તર્કસંગત છે.

**- પ્રવિણચંદ્ર શામજી ધરમશી(શાહ)-કોઠારા-સુરત**

**મોબાઈલ: ૯૯૭૮૯૦૩૨૪૭**

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**શ્રીમતી ભારતી નવીનચંદ્ર લખમશી લોડાયા**
PS 4985 (ગામ : રાપર ગઢવારી )
A-15, દર્શનમ ક્લબ લાઈફ, ફોરેવર એટમોસફીયરની સામે, પ્રથમ સૃષ્ટીની પાસે, ક્લબ લાઈફ રોડ, ગોરવા, વડોદરા, GJ - 390 016.
(M) ભારતી લોડાયા : 98257 89041
કૌશિક : 99792 88866 / પેરીન : 99798 79800
નૈન્વી : 87993 47936 / ઉત્સવી : 87993 50912

\- - -

**શ્રી ઠાકરશી મેઘજી સોની**
PS 4311 (ગામ : વાંકૂ)
શિણાય-૪૦, પ્લોટ નં. ૭૪, મુંદ્રા રોડ, શિણાય, આદિપુર, કચ્છ GJ - 370 205
(M) : 99783 02387

\- - -

**શ્રીમતી પુષ્પા મહેન્દ્ર મોમાયા**
PS 2964 (ગામ : સાંયરા)
રૂમ નં. ૧૨, ઓમ વિજયલક્ષ્મી કો.હા.સો., ઓલ્ડ આયરે રોડ, પાણીના ટાંકા પાસે, ડોંબીવલી (ઈસ્ટ), MH - 421 201
(M) : 93224 72816

\- - -

**શ્રી કેતન ચીમનલાલ લાલકા**
PS 6003 (ગામ : વારાપધર)
બી-૩, આદિત્ય સોના એપાર્ટમેન્ટ, ૪૧૦, અલગેશન રોડ, સાઈબાબા કોલોની, કોઈમ્બતૂર, TN - 641 011
(M) : 93622 44188

\- - -

**શ્રીમતી પુષ્પા કિશોર ધુલ્લા**
PS 2558 (ગામ : ભરૂડીયા)
બી-૬૦૩, માર્વેલ અલ્બેરો, ખાદી મશીન, અંગરાજ હોટેલની સામે, કોંઢવા, પુના MH - 411 048.
(M) : 98927 55508.

\- - -

**શ્રી રતીલાલ શિવજી શાહ (લોડાયા)**
PS 4368 (ગામ : કોઠારા)
૯૦૪, અનંતછાયા, આર.બી. મહેતા રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ. MH - 400 077.
(M) : 99091 93195

**શ્રી કિશોર કલ્યાણજી લોડાયા**
PS 4776 (ગામ : તેરા)
તીર્થ ભવન, ૨, બ્લુવેદા ઓરા, સનફ્લાવર વેલી સામે, આણંદ GJ - 388 001
(M) : 98790 42525 / 99096 72525

\- - -

**શ્રી જવેરચંદ શામજી લોડાયા**
PS 447 (ગામ : લાલા)
૨-બી, બીજે માળે, શામ-ધામ બિલ્ડીંગ, વૃંદાવન કેફે ઉપર, સાયન (વેસ્ટ) મુંબઈ, MH - 400 022.
(M) : 97736 73543 / 99309 29654.

\- - -

**શ્રી ચંદ્રેશ રામજી દંડ**
PS 6272 (ગામ : ભરૂડીયા)
જી-૩, ગેલેક્સી એમરલ્ડ, અયપ્પા મંદિર પાસે, પ્રગતી નગર કોલોની, શોભાગપુરા, ઉદયપુર RJ - 313 004
(M) : 83027 71999.

\- - -

**શ્રી મણીલાલ જેઠાભાઈ મોમાયા**
PS 3804 (ગામ : નલીયા)
૯૦૪, સનાયા એલીશ્યમ, ઑફ દેવી દયાલ રોડ, હોટ પ્લેટ હોટેલ લેન, જય અંબે બિલ્ડીંગની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), મુંબઈ, MH - 400 080.
(M) : 96194 41059.

\- - -

**શ્રી જીતેન્દ્ર માણેકજી મોતા**
PS 2240 (ગામ : કોઠારા)
૫૦૨, પાંચમે માળે, અંબિકા સદન,ગાંધીનગર, સર્વોદય હૉસ્પિટલ પાસે, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ MH - 400 086
(M) : 99677 88788

\- - -

**શ્રી મધુકાંત વિસનજી છેડા**
PS 951 (ગામ : જશાપર)
૩૦૨, સંસ્કાર, શાંતિ પાર્ક, ઘાટકોપર (ઈસ્ટ) મુંબઈ, MH - 400 077
(M) : 98926 26914 / 93241 55778.

### સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૦૭.૨૦૨૧ | ડોંબીવલી | દૃષ્ટિ, આરતી દર્શન લોડાયા | માંડવી | પુત્રી |
| ૦૩.૦૯.૨૦૨૧ | મુલુંડ | હિર, અમૃતા હર્ષ રવિન્દ્ર શાહ (નાગડા) | નલીયા | પુત્રી |
| ૨૪.૦૯.૨૦૨૧ | મુલુંડ | આદિત, અવની રોનક હિરાચંદ છેડા | નલીયા | પુત્ર |
| ૦૮.૧૦.૨૦૨૧ | મુલુંડ (ઈસ્ટ) | તક્ષ, પ્રિયંકા તેજસ દિપક લોડાયા | સાંયરા | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૧૦.૨૦૨૧ | પુણે | વિશાલ અતુલ પદમશી નાગડા | જખૌ | ૨૮ |
| | હાલોલ | કિંજલ દિનેશ લાલજી મુનવર | જખૌ | ૨૪ |
| ૨૫.૧૦.૨૦૨૧ | મુલુંડ | ધર્મિલ મહેન્દ્ર નરશી મૈશેરી | નાની સિંધોડી | ૨૪ |
| | ડોંબીવલી | સૃષ્ટી કિરીટ કુંવરજી લોડાયા | સાંયરા | ૨૩ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.૧૦.૨૦૨૧ | મુંદ્રા | મોહિત દિનેશ નવીનચંદ્ર મોતા | કોઠારા | ૨૬ |
| | ભુજ | અલ્પા રવિલાલ હંસરાજ ઠક્કર | નેત્રા | -- |
| ૨૨.૧૦.૨૦૨૧ | ભિવંડી | સુમિત મહેન્દ્ર ઝવેરચંદ બિદ | મોટા આંબલા | ૨૯ |
| | મુલુંડ | સ્નેહા ગુલાબચંદ ત્રિકમજી નાગડા | રંગપુર | ૨૫ |

### જ્ઞાતિ સગપણ છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮.૧૦.૨૦૨૧ | હૈદરાબાદ | મિહિર, ગીરીશ પદમશી મોતા | કુઆપધર | ૨૬ |
| | તીરપુર | કિંજલ ચેતન માણેકજી નાગડા | પરજાઉ | ૨૨ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.૧૦.૨૦૨૧ | ઔરંગાબાદ | પુષ્પાબેન વિશનજી મોતા | સુથરી | ૮૫ |
| ૧૬.૧૦.૨૦૨૧ | પાલીતાણા | નરેન્દ્ર જેતસી ધરમશી | ભરૂડીયા | ૬૩ |
| ૧૬.૧૦.૨૦૨૧ | અમદાવાદ | મહેન્દ્ર દેવજી ખોના | આરીખાણા | ૬૮ |
| ૧૬.૧૦.૨૦૨૧ | કોઠારા | વિશનજી હિરજી મુનવર | કોઠારા | ૫૮ |
| ૧૭.૧૦.૨૦૨૧ | માટુંગા | કાંતીલાલ જેતસી દંડ | ભરૂડીયા | ૮૪ |
| ૧૮.૧૦.૨૦૨૧ | ભાંડુપ | રતનબાઈ હિરાલાલ લોડાયા | સાંધવ | ૮૧ |
| ૧૯.૧૦.૨૦૨૧ | ડોંબીવલી | ધનજી ખીંયસી ડાઘા (માલદે) | ભરૂડીયા | ૭૩ |
| ૨૦.૧૦.૨૦૨૧ | બેંગ્લોર | વનિતાબેન ખુશાલચંદ સોની (ભાટે) | જખૌ | ૬૭ |
| ૨૨.૧૦.૨૦૨૧ | થાણા | કિશોર ટોકરશી સોની | સાંયરા | ૭૪ |
| ૨૫.૧૦.૨૦૨૧ | ઈંદોર | લહેરચંદ ભવાનજી નાગડા (ખીરકીયાવાળા) | લાલા | ૭૧ |
| ૨૫.૧૦.૨૦૨૧ | ઊંઝા | ગુણવંતીબેન મણીલાલ મૈશેરી | સાંધાણ | ૮૦ |
| ૨૭.૧૦.૨૦૨૧ | બેંગ્લોર | રતિલાલ હેમરાજ શીવજી લોડાયા | કોઠારા | ૭૭ |
| ૨૮.૧૦.૨૦૨૧ | મસ્જીદબંદર | શાંતીલાલ કેશવજી લાલકા | બાંઢીયા | ૬૫ |
| ૨૮.૧૦.૨૦૨૧ | મુલુંડ | નેણસી પદમસી ખોના | સાંધવ | ૬૬ |
| ૨૯.૧૦.૨૦૨૧ | આદીપૂર | નિલય પ્રવિણભાઈ દંડ | તેરા | ૫૧ |
| ૩૧.૧૦.૨૦૨૧ | ડોંબીવલી | જ્યોત્સના વિરઈન્દ્ર મોમાયા | વારાપધર | ૫૭ |

- - - -

**પ્રકાશ સમીક્ષાના એક વર્ષના ૨૪ અંકોમાં પાનાની નીચેના ભાગમાં શુભચિંતક તરીકે અહીં આપનો સંદેશો આપો.**
**વાર્ષિક રૂા. ૨૫૦૦૦/- , ફક્ત બે સંદેશા લેવાના છે. સંપર્ક : હેમાંગ લાલજી શાહ (મો. ૯૯૨૦૬ ૪૬૮૪૬)**

BEING JAIN

# Gnan Paacham – To Invoke the Knowledge Within

**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



The festival of 'Gnan Paacham' is celebrated on the fifth day of Shukla Paksha of Kartik month. According to beliefs, on this auspicious day, the philosophy of Bhagwan Mahavir was first brought to the fore in the form of a written scripture. Hence the fifth day after Diwali is known as "Gnan Paacham". It is a day when Jain students, scholars and all celebrate gnan, the divine or transcendental knowledge or wisdom. It is a day of worship of pure knowledge. Rituals which involve books and writing instruments are performed. Prayers are offered seeking guidance to acquire the right knowledge. As a mark of respect, the books preserved in the religious libraries are cleaned and worshipped. Many Jains fast on this day. They do dev vandan, bhakti and perform Pratikraman. On this day, many take a vow to do a fast every month on the fifth day of the fortnight of the waxing moon for continuous five years and five months.

According to Jainism, knowledge (Gnan) is of five kinds:

Mati gnan (Sensory knowledge), Shrut gnan (Scriptural knowledge), Avadhi gnan (Clairvoyance), Manahparyay gnan (Telepathy), Keval gnan (Omniscience). Gnan Paacham' is a day for the worship and celebration of all the five types of knowledge. It is also known as 'Saubhagya Panchami' or 'Labha Panchami' since knowledge obstructing karmas are destroyed and the foolish or ignorant can become wise by its observance. The fast is observed keeping total silence. It is believed that the observer can gain good luck, divine benevolence and finally; omniscience.

One story about the significance of right knowledge goes like this - There used to be a king named Ajitsen, who had a son named Varadatta. Varadatta's intellect and his interest in learning refused to grow with his age despite having the best teachers. He also got leprosy and people began to detest him. Seeing this sorry plight of his son, Ajitsen was worried to no end. The anxiety about his son's marriage also started troubling him. He started looking for a girl for his son's marriage. Then, he came to know about Sinhadaseth's daughter Gunamanjari, who was dumb and also had leprosy. The king met the seth to discuss a probable marriage alliance between the two children.

Once, famous Dharmacharya Vijaysen arrived in Ajitsen's kingdom. Ajitsen and Sinhadas both reached him to listen to his discourses and to pacify their own curiosity about their children's future. Acharyamaharaj told the seth that in the previous birth there was a wealthy merchant named Jindev. His wife Sundari, full of ego over her wealth, considered knowledge as valueless and disregarded her children's teachers. The Acharya said to Sinhadasseth, “Your daughter is the same Sundari and she was born a dumb leper because of her contempt for knowledge.”

King Ajitsen also wanted to know why tragedy had struck his son. Acharya told the king that his son had also despised knowledge. He said that there was a seth named Vasu, who had two sons Vasusara and Vasudeva. While greedy and lethargic Vasusara enjoyed all luxury without any effort, Vasudev used to get very tired doing mental and physical hard work preaching. When he used to see that his brother is enjoying without hard work, he used to envy him. Gripped by envy and frustration, Vasudev had shunned his holy duty of preaching. This disrespect of knowledge by Vasudev led him to become a leper in this birth. Varadatt and Gunamanjari had both dishonoured right knowledge. So they had to face the results of their sins.

Let us celebrate the coming Gnan Paacham with an unshakeable resolve to destroy our knowledge obstructing karmas and and attain higher degrees of right knowledge (Samyakgnan).

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

Over View

# KDOs CAN... (Part - II)

**Tilakchand K. Lodaya**, Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



(Vision of Tilakchand K.L., Chennai former Chief Commissioner of Income Tax. 99406 36646)

Will we see an Unicorn created by a KDO/s in near future? I am very eager to see names of KDOs owning a Soonicorn, Unicorn and so on. 'Coded by KDO.' Does it sound Utopian?

Dear young KDOs, I am sure that you will fulfill my earnest desire. The circumstances mentioned below are right. Time is ripe. Skills are visible. Spirit is high. KDOs are cheering you. We are betting for you. So buck up. Ready, steady and Go.

1. Posterity will remember 2021 as the year when India rewrote the play book for business, innovation and growth.
2. A new unicorn has been minted every 10 days so far in 2021 in India. Across the economy young founders, backed by a wall of Venture capital, are crafting new paths, creating new offerings that are disrupting the way we live our lives.
3. These unicorns are bright, green shoots of a once- in- a- generation structural reset of our economy that will leave no Indian untouched.
4. Due to Kovid, three vectors - adoption, inclusion and disruption - has come into play vigorously and concurrently.
5. Just by possessing 3 things, a bank account, a smartphone and a digital identity - anyone, anywhere, can meaningfully transact online, find a job, learn a skill, invest money, take a loan... name a service and it's accessible online today.
6. Given the enormous potential, it is no surprise, therefore that India has emerged as an attractive destination for venture capital with $ 30 billion ( Rs.2,10, 000 Crores) expected just this year to give wings to unicorns.
7. India's startups have no longer have to burn cash, shower discounts to create new habits. Instead there is a massive surge of demand and improved unit economics.
8. Now the demand for digital talent is soaring both domestically and internationally. 'Code in India' should be our efforts to export our skills and capabilities in the world.
9. With China becoming a pariah, India is now seen as the champion of the open and democratic, internet and a global hub for technology innovation and startups. India is strategically well-placed and earned the right to win.
10. Comparatively low transaction cost, high velocity of transactions, transparency and ease of discovery, will all combine to create massive productivity gains in every sector in India.
11. As the digital trails of economic transactions become shareble, auditable and usable, it will allow millions of small businesses to gain instant access to credit and move from being credit - starved to credit- rich.

To be continued......

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા – સુજાપર (ભાંડુપ)

# Limitations are in our Mind

Last week I met a friend of mine, who announced that she was shifting to USA permanently in the second week of January 2022. In the same breath she also mentioned that during Christmas vacations she and her family were going to Singapore for a 10 day holiday.

My initial reaction was, "Wow how can she do that when 10 days later she is moving to another country for good? How can she manage a holiday in between all the chaos of moving?" She was pretty comfortable about the whole thing and did not see any issue.

I realised that limitations are in our mind and not the situation or the people around us. We tend to have these pre conceived notions of how things ought to be and how one should behave in a given circumstance. And then spend our whole life living up to that expectation, even if it means being miserable or giving up on our dreams.

We are all experts in assigning meanings to situations and people, then operate based on those very assumptions. We do this without realising that we build a wall of beliefs and expectations around us, from our own self and from others.

First, what is a belief? A belief is a conclusion that we have arrived at and deeply ingrain in our unconscious mind about several things. It can be on account of our environment, our conditioning from our childhood and our life experiences.

Few everyday examples,

• If my child does not come first in school he will not succeed in life (ingrained during childhood),

• I am 40, its too late for me to start a new career ( age related beliefs due to environment and conditioning),

• I need more money to be happy and fulfil my dreams (environment conditioning),

• I can never do yoga because I cannot touch my toes (self-conditioning) and so on.

Watch your thoughts and you will realise that every moment our actions and decisions are governed by what we believe to be the absolute truth of our life. It is like they are cast in stone.

We seldom question the beliefs we hold. We use them as excuses to do or not do something and as convenient punching bags when things do not work out. What we do not realise is that certain limiting beliefs make us live our lives way below our potential. Like I am sure most of us would have forgone the Singapore trip because our belief would have told us, "Shifting to another country is a huge change, and there is so much work to do, how can I go on a holiday and manage everything." Or maybe 'even if I can manage things, what will people in my family say." But the fact remains that because my friend did not have this limiting belief and actually believes that things can be managed if prioritised correctly she will experience a beautiful holiday. Whereas we would sigh whenever Singapore is mentioned as we can only imagine how it could have been.

So, depending on our belief system, we perceive a situation in a particular way and make it either easy or difficult for us as our actions will be dependent on what meaning we have attributed to it. We are not satisfied with subjecting ourselves with our beliefs but go a step ahead, and foster them on others also. We have firm opinions on how others should behave/react or what they should say in a given situation. And when that does not happen (obviously they have their own belief system to cater to) we get disappointed or feel misunderstood.

A few final words, the difference between success or failure is our ability to recognise or identify those that limit us and those that make us move forward. And as an old zen saying says, "Let go or be dragged".

Would love to hear how you deal with your beliefs.

Have an awesome life ahead!!



You can reach out to me@

**Alpa Dharamshi**
9591279036
pehechaancounselling@gmail.com
www.facebook.com/pehechaan

# The Side Mirrors

"You can't do it!!" everyone told Nyra but she continued her bumpy rides down the road. Nyra was 18 year old girl struggling to drive motor scooter. As said people can't excel in all areas she was struggling to learn to drive, she was an all rounder person. She was good in studies, played badminton and even knew how to play guitar but this was one area she was messing up with. Whenever someone would comment on her struggle to drive, she would think, do they tell the same thing to a person who struggles to solve maths problems or struggles with batting in cricket? She felt irritated because people help and even motivate those who struggle with studies other things but what if she could solve he complex trigonometry problem in seconds but struggled a bit to drive, she didn't ask for motivation but what to do with free gifts of demotivation. But she was determined to learn and never give up and her parents supported her. They were the only guide who taught her how to drive; they would accompany her while driving and help her learn. She would also take down list of improvement lessons after she would drive and look for areas of growth. Many people found her insane and stupid (you might be too). But she didn't care as long as she knew what she was doing was for her betterment.

One fine day, Nyra and her mother were going outside and her mother told her to drive. She started driving the vehicle. Her mother would squeeze her shoulder when an obstacle came in between, she would giggle and say, "Don't worry Mom, I will do it." After they came home, she was back with her list of questions on her driving. Her mother said, she drove well but there was some problem. Her mother continued, "While driving today your all focus was on side mirror and not on the road and things in front of you..." She listened intently and said, "But Mom you told that we must keep a check on side mirror..." Her mom replied, "Yes I told that but I meant to say that just keep a check not entirely focus on side mirror. While riding we must focus on present, which vehicle is near you, what obstacles are present ......" Seeing her questioning face her mom said," I know you would say that you also told to keep a check on what's in front of us, that's absolutely true but what if you keep checking on vehicle 10 metres ahead of you instead of one beside you? Wouldn't it get messed up?" Nyra was in her own world processing things, not realising that in all this she completed a pack of chips without sharing with her younger brother.

Her Brother Ryan came back from school and though he noticed the empty packet he said nothing. Nyra was shocked at this reaction, as in normal situations he would run around in house create lots of ruckus but this time it was completely opposite. Soon she figured out what was wrong as she observed a crumpled sheet of paper with 'C' written on it popping out of the bag. She hugged her brother and expecting a nil reaction said, "Tell me what happened." He was frustrated and he broke down into tears. She sympathised him and listened to his story. "In previous Science test too I got C and as soon as I was able to process this fact, this week's test came up, also in next week there's another test and I am worried what will I do, Science is my favourite subject, I can't do anything, no matter what I try I always mess up things........" He explained sobbing. "That's what made my brother say nothing seeing empty packet of chips..." she said to lighten his mood. A small smile popped up on his worried face but vanished away in few seconds. She said, "Don't be sad, but you missed something which even I did today..." He said with a quizzed look,"What?" Nyra started narrating the whole incident to him, " ....So, I realised that we must not focus on side mirror or things much ahead of us but present location....but just keep check on them. " He was feeling good and said, " That's okay but I

will not accompany you until I get my own insurance!!" She hit him with her elbow with a 'whatever' look. He came back with a question, "But where's side mirror in my exams??" She replied giving him another packet of chips which was for him "That you must find out...." She got her driving licence, on looking at it a victorious smile comes on her face every time. Even her brother found side mirrors in his exams and is driving smoothly by just keeping a check and not focusing too much...Did you find them?



**Urvi Dimple Pramendra Dharamshi**
Nagpur(Kothara)
Email id- urvishah3104@gmail.com
Contact No. - 8149120901

## SHREE KDO STUDENTS ASSOCIATION

**From the team of Shree Kdo Students Association**

### "Time changes and so should we."

The dependency created in us since our childhoods is the reason most of us fail at adulting.

Desi parents seek pride in the fact that their children are subservient

Parents who refuse to change with the times not only hold back their own growth but also the growth of their children. Every desire becomes a rebellion and every dream an enemy of "customs and society".

Elders often say that, "I used to get hit by my parents when I was young, it is like a part of growing up." However, it is not. Not every child takes such modes of schooling lightly and some are left scarred for life.

A threat or even a slap can scar a teenager's childhood memories

Although an obvious reaction for many, many parents, a single slap can destroy the self-confidence of a child and build hate in them.

It's high time we started seeing these "children" as individuals and not puppets

Children are thinking and logical individuals as well, now more than they ever were during our parents' time. We are exposed to a lot more things sooner and that makes our exposure significant enough to hold opinions isolated from those of our parents.

One cannot expect the other person to just follow their rules blindly. In any relationship, there needs to be a level of respect and independence. And this goes both ways. Too much interference and control can sever ties and in a widely connected world, people don't mind leaving behind a few relationships that hinder their peace or growth.

From the age of 8-10, children start forming their own personalities. A threat to their choices and ideas leaves them questioning themselves. Every time they are shot down by their parents they are pushed further away from them. If you don't like something or disapprove of something, how difficult is it to talk about it with your child? Children understand conversations better than you give them credit for.

Controlling and pressurising nature of parents needs to be replaced by a more understanding and nurturing relationship between children and parents. One that allows the child to be an individual in their own right.

Rather than instilling fear in them, parents can build trust in this relationship and they will see the household flourish with just this one change.



***-Yukta Hiten Dharamshi***
***Suthari (Kutch) Haal:- Dhuliya***

# પરમ વંદનિય અધાને પ્રથમ પૂણ્યતિથિએ

## અર્પણ અમારા શ્રદ્ધાસુમન



અનેક વિદ્યાર્થીઓના જીવન ઘડનાર જીવન શિલ્પકાર

## પૂજયશ્રી દામજી ધનજી નાગડા – રંગપુર (માસ્તર)

જીવનયાત્રા : તા. ૧૩.૪.૧૯૩૪ થી ૧૧.૧૧.૨૦૨૦

: અમારી હૃદયવાણી :

માવડી સોનબાઈના હૈયાના અમૃતપાન કરીને,
અમે તમારા બાલુડા, પ્રગટ્યા તમ જીવન ઉદ્યાનમાં,
કળીમાંથી પુષ્પ બની મહેકી રહ્યાં છીએ આજ.
આપના હૈયાનું વાત્સલ્ય, ને સંસ્કારનું સિંચન,
આપે આપેલા જ્ઞાન, વિદ્યા, જીવનની સમજ
આજ પણ અમ અંતરમાં જીવંત છે સ્પંદનો રૂપે.
છીએ અંશ તમારા એજ અહોભાગ્ય અમારું,
આજ પણ આપ હયાત છો અમારા હૈયામાં.
તમ રૂડાં આશિષથી મહેકે છે અમારો જીવનબાગ
છે કોટી કોટી વંદના અર્પણ આપના ચરણોમાં...

### ... આપના ઉદ્યાનના પુષ્પો ...

દિકરી – જમાઈ : અ. સૌ. ઉષાબેન અને અરવિંદ લોડાયા પરિવાર
અ. સૌ. યુતિકા – ભુપેશ લોડાયા, મયંક – રીમા સંજય લાલકા
દિકરી જમાઈ : અ. સૌ. લતાબેન અને પ્રવિણ લોડાયા પરિવાર
અ. સૌ. ખુશ્બુ – હિતેન લોડાયા, ભાવિકા વિશાલ માલદે
પુત્ર-પુત્રવધુ : અ. સૌ. કિરણ અને જયેશ નાગડા પરિવાર
કોમલ જયેશ નાગડા, કાજલ, અંકિત માલદે
પુત્ર-પુત્રવધુ : અ. સૌ. રીટા અને ચેતન નાગડા પરિવાર
દિશા, ચેતન નાગડા, આયશા અંકિત નાગડાની અશ્રુ સભર વંદના અર્પણ...

## વ્યક્તિ વિશેષ : શ્રી નવીનભાઈ હીરજીભાઈ શાહ (દંડ)



શ્રી નવીનભાઈ હીરજીભાઈ શાહ (દંડ) ગામ લાલા હાલ વેરાવળ (ગીર સોમનાથ) શહેરને પોતાનું કર્મક્ષેત્ર બનાવી અનેક સેવાકિય કાર્યો કરે છે તેઓ અત્રેના શ્રી સંઘના લગભગ ૩૨ વર્ષથી પ્રમુખ છે કોલેજ તથા બીજી અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી છે અત્રેની ૫૦ વર્ષ કરતા વધારે જુની પાંજરાપોળની કાયાપલટ કરી સુંદર તથા ગૌવંશ માટે સગવડતાસભર બનાવેલ છે તેઓ અત્રેના શાંતિનાથ જીનાલય તથા શાંતિનાથજી યાત્રિક ભવનના મુખ્ય ટ્રસ્ટી છે.

વિશેષમાં તેઓ શ્રી અત્રેની અગ્રણી બેંક ‘‘ધી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડ’’માં ઘણાં વર્ષોથી ચૅરમેન છે. તેઓની આગેવાની હેઠળ બેંકની અકલ્પનિય પ્રગતિ થયેલ છે તથા રાષ્ટ્રીય કક્ષાએ દેશના બેંકીગ ક્ષેત્રના પ્રથમ હરોળના ખ્યાતનામ મેગેઝીન ‘‘બેંકીંગ ફ્રટીયર’’ દ્વારા સમગ્ર દેશની આશરે ૧૫૫૦ જેટલી નાગરિક સહકારી બેન્કો પૈકી મીડિયમ સાઈઝ કેટેગરીમાં વર્ષ ૨૦૨૦-૨૧માં બેંકે કરેલ કામગીરીનું મુલ્યાંકન કરી ‘‘બેસ્ટ કો-ઓપરેટીવ બેન્ક’’ તેમજ ‘‘બેસ્ટ એચ.આર. ઈનોવેશન’’માં બેન્કને રાષ્ટ્રીય કક્ષાએ ‘‘બે FCBA એવોર્ડ’’ રીઝર્વ બેન્કનાં પૂર્વ ડી.જી.એમ. દ્વારા એનાયત કરવામાં આવેલ છે. જે તેઓની આગવી સૂઝને આભારી છે તેઓ શહેરમાં એક આગવી ઓળખ ધરાવે છે જે ક.દ.ઓ. જ્ઞાતિ તથા કચ્છી સમાજ માટે ખરેખર ગૌરવપુર્ણ બાબત છે.

**- ગીરીશ નારાયણજી લોડાયા (શાહ) નલિયા (વેરાવળ)**

## હાર્દિક અભિનંદન



**શ્રી મનિષ કુંવરજી(રમેશ) મોતા**
રાપર ગઢવારી (યુ.એસ.એ.)
**"KO JAINA" (યુએસએ અને કેનેડામાં વસતા કેડીઓ. અને કેવીઓ.ની સંસ્થા) ના ચૅરમેન તરીકે નિયુક્ત થયા છે.**



**શ્રી અનિલ હીરાચંદ લોડાયા (શાહ)**
તેરા (યુ.એસ.એ.)
**"KO JAINA" યુ.એસ.એ. સાઉથ ઈસ્ટ ડીવીઝનના ઉપપ્રમુખ પદે નિયુક્ત થયા છે.**


FIBROL

**FIBROL NON-IONICS PVT. LTD.**

[AN ISO 9001: 2015 CO]

**Mfr. & Exporter of Ethylene Oxide Condensates & Speciality Chemicals**

**Office:**
B-7/8, Chandra Darshan, P. K. Road, Panch Rasta Jn., Mulund (W), Mumbai – 400 080.
Tel: 022-25923670/ 25928097/ 25918902 / 25915794
E-mail: info@fibrol.com Website: www.fibrol.com
**Factory**:
Survey No. 131, Village- Rasal, Tal- Pali Sudhagad, Maharashtra

*Rajeev Pathak* *Sanjay Nagda* *Nimesh Lapasia*

*(Founder : Late Shri Hirachand V. Chheda)*

NAVJIVAN
homes











હરિયાળા વાતાવરણ અને શ્રેષ્ઠ સુવિધાઓ વચ્ચે જ્યાં સુંદર પ્રકૃતિ અને આધુનિક જીવનશૈલીનો સમન્વય હોય, જ્યાં જીવનનો અનુપમ અને અસાધારણ આનંદ મળે એવું “નવજીવન હોમ્સ” દરેક પેઢીને માટે એક સલામત અને આહલાદક સરનામું.

AKSHAR
DEVELOPERS

NAVJIVAN
NATURE CURE CENTRE

## સુવિધાસજ્જ પ્લોટ અને વિલા

**500 ચો. વાર | 300 ચો. વાર | 200 ચો. વાર | 100 ચો. વાર**

નવજીવન હોમ્સ, ભુજ-માંડવી રોડ, પુનડી પાટિયા પાસે, કચ્છ, ગુજરાત - 370485

+91 9979895274 / +91 9819380433

navjivanhomes.com



Wishing all a Happy Diwali &
Prosperous New Year
Hiren Daga
91 93611 99000
Ashok Damji Daga
+91 93450 39176
Dilip Daga
+91 98455 47534
Askcotton ®TM
COTTON CONSULTANTS
"Kasturi", 145, Ponnurangam Road (W),
R.S. Puram, Coimbatore - 641 002,
Tamilnadu, India.
Phone : +91 422 2547973, +91 422 2548678
E-mail : ashokddaga@gmail.com, hirendaga@yahoo.com

If it's Wealth Creation through Equities then it must be ValueQuest

VALUEQUEST

*Powered by ideas.*
*Driven by Values.*



Wisdom to see,
Fortitude to hold,
Courage to capitalize.

18.96% TWRR* Returns over 11 years

Value of Rs.1 cr invested in VQ Growth on inception date is now Rs. 6.83 cr




Data as on 30th September 2021.

Contact:
www.valuequest.in • +91 22 24394488
ValueQuest Investment Advisors Private Limited
SEBI Reg No: INP000003724

Address:
QUEST, 1073, Rajabhau Desai Marg,
Behind Beau Monde Tower,
Prabhadevi, Mumbai – 400025

Disclosures: All clients have an option to invest in the product /Investment approach directly, without intermediation of persons engaged in distribution services. 2) Performance related information provided in this document is not verified by SEBI Returns. 3) Returns are net of fees and expenses. 4)The Performance figures are aggregate of all clients under respective schemes; the investor's actual portfolio may differ.

Risk Factors & Disclaimers: The information contained herein is obtained based on internal data and publicly available information and other sources believed to be reliable. ValueQuest does not claim or warrant the accuracy, correctness or completeness of the data mentioned herein. Past performance is not a guide for future performance.Readers shall be fully responsible / liable for any decision taken based on this document. Readers should before investing make their own investigation and seek appropriate professional advice. Investments in Securities are subject to market and other risks and there is no assurance or guarantee that the objectivesof any of the strategies of the Portfolio Management Services will be achieved. Clients under Portfolio Management Services are not being offered any guaranteed/assured returns. Please read Disclosure Document carefully before investing. The distribution of this document in certain jurisdictions may be restricted by law, and persons in whose possession this document comes, should inform themselves about and observe any such restrictions.

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**